# સ્ત્રીસુખ દર્પણ



( સચિત્ર )

પુસ્તક ૧ લું. અંક ૨ જો.

આદ્ય પ્રેરિકા.

મંગળાબાઈ મોતીલાલ—
ફકીરચંદ પ્રેમચંદ રાયચંદ.
મુંબઈ.


તંત્રી—શેઠ દેવચંદ દામજી
કુંડલાકર.

વાર્ષિક લવાજમ—હિંદ માટે પો-
સ્ટેજ સાથે રૂપિયા ત્રણ.
પરદેશ માટે રૂપિયા સાડા ત્રણ.
છુટક અંકના આના છ.

વ્યવસ્થાપક,
ગુલાબચંદ લલ્લુભાઈ શાહ.
ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| ૧ પ્રેમની કસોટી. ... ... | ...૩૩ |
| ૨ ગૃહ-સ્વરાજ્ય. ... ... | ...૩૬ |
| ૩ ફેશનની ફીસીયારી. ... | ...૪૧ |
| ૪ બાળલાલિત્ય. ... ... | ...૪૨ |
| ૫ જીવનશક્તિનો મહિમા. ... | ...૪૩ |
| ૬ સ્ત્રી કર્તવ્યનું સંશોધન. ... | ...૪૮ |
| ૭ વીરકન્યા-વાશુલદત્તા. ... | ...૪૯ |
| ૮ પાપનું પ્રાયશ્ચિત. ... | ...૫૫ |
| ૯ ગર્ભ અને પ્રસવકાળ. ... | ...૬૪ |
| ૧૦ અથાણું-કેરી. ... ... | ...૬૭ |


## ચિત્રાનુક્રમ.


| ચિત્ર | પૃષ્ઠ |
|---|---|
| ૧ હોડીમાં આગ, રામસિંહ સમુદ્રમાં. | ...૩૪ |
| ૨ ચંપકકલીકાની પ્રેમભીક્ષા. | ...૩૫ |
| ૩ મહિલા મંડળ. ... ... | ...૩૭ |
| ૪ ૐ અને હિંદ દેવી. ... | ...૩૯ |
| ૫ ફેશનની ફીસીયારી. ... | ...૪૧ |
| ૬ બાલુડો. ... ... | ...૪૨ |
| ૭ ડા. પઢીયાર. ... ... | ...૪૩ |
| ૮ સૌ. હીરાલક્ષ્મી બ્હેન. ... | ...૪૭ |
| ૯ જેલમાં મુલાકાત. ... | ...૫૨ |
| ૧૦ સાવિત્રીને મૂર્છા. ... | ...૫૭ |
| ૧૧ વિચારગ્રસ્ત રંભા. ... | ...૫૮ |
| ૧૨ માતા-પુત્રીનો મેળાપ. ... | ...૬૧ |
| ૧૩ રંભાનું પ્રાણ પ્રયાણ. ... | ...૬૨ |
| ૧૪ ગં. ઝમક બ્હેન. ... ... | ...૬૪ |
| ૧૫ કેરી. ... ... | ...૬૭ |



**ખેતી માટે પાણીનું સસ્તું સાધન.**

**ઉંડા તેમજ નજીક પાણીના કુવામાંથી પાણી કાઢવાના દરેક જાતના પંપ અને નોરીયા રેંટ.**

હાથપતી ચાલતા, બળદથી ચાલતા તેમજ એન્જીનથી ચાલતા તદન નવી ઢબના, છેલ્લી શોધ મુજબના, દરેક જાતના પંપો નોરીયા રેંટો અને ઓઇલ એન્જીનો હમો ઘણુજ કીફાયત ભાવે વેચીએ છીએ. તેમજ ગોઠવી આપીએ છીએ તથા દુરસ્ત કરી આપીએ છીએ. કીંમત અને વધુ ખુલાસા માટે લખો યા મળો.

**અંબાલાલ એમ. પટેલની કંપની.**

ઠે૦ દરીયાપુર નાની સાલેપરી—**અમદાવાદ.**



**જૈન ભાઇઓને માટે ખાસ ઉત્તમ સગવડ.**

કેસર, કસ્તુરી, અમર, બરાસકપુર, ઉંચી અગરબતી, અગર, દશાંગીધુપ, સોનાચાંદીના પાના, સુખડ, અતર, હીંગ, હરડે, ખાપરીયુ, મોમાઇ, સીલાજીત, મોતીનો સુરમો વીગેરે ખાત્રીદાર માલ કીફાયતથી વેચનાર ખાસ એકજ દુકાન.

ભાવને માટે પ્રાઇસલીસ્ટ જુઓ.

**ડી. શાન્તીલાલ કાન્તીલાલની કું.**

**જુમામસીદ, નં. ૧૨૭ મુંબઇ.**



. ૧ લું  એપ્રીલ-૧૯૧૭  અંક ૨ જો.

# પ્રેમની કસોટી.

(લે.-મંગળાબાઇ મોતીલાલ ફકીરચંદ.)

સોળમી સદીમાં જ્યારે તલવાર એજ સત્તા હતી અને ટોપલીમાં ઘરો હતાં ત્યારે ચિત્રદુર્ગ ઉપર ચઢાઇ થવાથી ત્યાંના બાળકુંવરને તેની માતા સાથે બચાવ સમુદ્રમાર્ગે કેટલાંક વિશ્વાસુ માણસો સાથે રવાના કરેલાં હતાં; પરંતુ દૈવકોપ મનુષ્ય શું કરી શકે ? સમુદ્રની મુસાફરીમાં વાવાઝોડું થતાં વહાણ ભાંગ્યું તેમાંથી બાળકુંવર રામસિંહ એક દાસી સાથે પાટીયા ઉપર બચી કનકાવતીને નીકળ્યાં.

કનકાવતીનો અમાત્ય નિઃસંતાન હતો, એ સવારનાં સમુદ્ર તીરે ફરતો હતો સચેત થએલી દાસી કુમારનું શું કરવું તેનો વિચાર કરતી તેણે જોઈ. પાસે સમુદ્રમાં વહાણ ડુબવાથી તરી બચી જવા પામેલ કોઇ અનાથ મુસાફર છે જાણીને તેને પોતાને ઘરે લઇ ગયો. દાસીએ કુંવરનો પરિચય કરાવવો યોગ્ય નહિ. પરંતુ દીવાન નિઃસંતાન છે તેથી તે પ્રેમથી રક્ષણ કરશે તેમ ખાત્રી તેઓ ત્યાં રહ્યાં.

કુંવર મોટો થવા પછી પ્રસંગોપાત તે દીવાનની સાથે રાજ્ય કચેરીમાં જવા

લાગ્યો. તેની બુદ્ધિ તીવ્ર હતી, રૂપ આકર્ષક હતું અને મુખમુદ્રાપર રાજ્યતેજ દૃશ્ય થતું હતું, તેથી તે સર્વને પ્રિય થઈ પડયો. દીવાને તેને સમયને અનુકુળ જળરક્ષણ અને શસ્ત્રાસ્ત્ર પરિચયના સંસ્કાર આપ્યા હતા. દાસીએ રામસિંહને પણ પોતાના રાજ્ય કુટુંબથી વાકેફ કર્યો નહતો, તેથી તે દાસીનેજ પોતાની માતા સમજતો હતો.

રામસિંહે હવે યુવાવસ્થા પ્રાપ્ત કરી હતી, તે વખતો વખતના પોતાના પરાક્રમથી પ્રસિદ્ધિ પામ્યો હતો. એક વખત તે સાંજના સમુદ્ર કિનારે ફરવા ગયો હતો, તેવામાં સમુદ્રમાં ફરતા એક હોડકામાં આગની જ્વાળા દેખાઇ. અને તેના પરથી કોઇ સ્ત્રી મદદ માટે બૂમો પાડતી જોવામાં આવી. હોડકા તરફ તેણે દૃષ્ટિ કરી તો રાજકુંવરી ચંપકકલીકા આનંદાર્થે સમુદ્રમાં ફરવા ગઇ હતી તે હોડકું આગનો ભોગ થએલું જણાયુ. રામસિંહે તુર્ત સમુદ્રમાં પડતું મૂકયું અને પાણી કાપતો જ્યાં હોડકું આગથી સળગી રહ્યું હતું ત્યાં જઈ આગ કે પાણીની દરકાર કરવા વગર તે હોડકા ઉપર ચઢી ગયો અને કુંવરીને કોટે લઇ પાણી કાપતો સમુદ્ર કિનારે આવી પહોંચ્યો.



રામસિંહે તુર્ત સમુદ્રમાં પડતું મુકયું અને પાણી કાપતો બળતા હોડકા ઉપર ચઢયો.

બેશુદ્ધ થએલ કુંવરીને કોરાં વસ્ત્ર પહેરાવી અનેક ઉપચારોથી શુદ્ધિમાં

લાવ્યા. કુંવરી શુદ્ધિમાં આવતાં તુર્ત પોતાના પ્રાણદાતાના પગમાં પડી અને આ ઉપકારના બદલામાં પોતાનો દેહ સ્વીકારવા (લગ્ન કરવા) પ્રાર્થના કરતી બોલી:-

(પદ્ય)

રૂપ રૂપ શું કરો,
મુરખ જનરૂપ ઉપરે મરે,
ભાગ્ય જોગ કૈં રોગ થાય,
તો રંગ રૂપ કયાં ઠરે;
નથી હું રૂપતણી પ્યાસી,
માત્ર હું ગુણની
અભીલાષી.
કસ્તુરી છે કાળી તોએ,
વખતે જીવન દે છે,
સફેદ સોમલ સ્વરૂપવાન
તે, તુરત પ્રાણ હરી લે છે,
નથી હું રૂપતણી પ્યાસી,
માત્ર હું ગુણની
અભીલાષી.



(ચંપકકલીકાની પ્રેમ ભિક્ષા.)

**રામસિંહ**—સુજાણ બાલા લક્ષ્મી વિણ છે, રૂપ ગુણ સર્વ નકામું,
સત્ય કહું તો લક્ષ્મી વિણ છે, જીવતર સર્વ નકામું;
નથી એ લક્ષ્મી મુજ પાસે, કરો હઠ શા સુખની આશે.

**ચંપકકલીકા**—ગુણની લક્ષ્મી ગુલામ થઇને, સદા પાય સેવે છે;
ગુણ વિણ લક્ષ્મી કોઇની રહી ના, કોઇ પાસે નવ રહેશે;
લક્ષ્મી ઘરઘર ફરનારી, જેમ રખડે લંપટ નારી.
કોઇ સબળ શત્રુ જાગે તો, લક્ષ્મી લુંટી લે છે;
ગુણ લુંટયો ના લુંટાયે તે, મરતાં સાથ મરે છે,
લક્ષ્મી ઘર ઘર ફરનારી, જેમ રખડે લંપટ નારી.

**રામસિંહ**—તો પણ શાણી સુજાણ બાળા, હું નથી યોગ્ય થનારો,
રત્ન તમે છો રાજકુળના, હું છું દાસ બીચારો;
ઉંચ કુળ ઉંચા કુળમાં મળે, નીચ તે જઇ નીચામાં ભળે.

**ચંપકકલીકા**—પર્વત શિખરે પથ્થર પાકે, મણી ખાણમાં થાયે;
નીચી ખાણના મણીના કરતાં, પથ્થર શું ચડી જાએ;
કરૂં છું ગુણની કિમ્મત ખરી, વચન મન કાયા તમને વરી.

(રામ-રતન.)

# ગૃહ-સ્વરાજ્ય.

( લેખિકા—સૌ. પ્રભાકુંવર પ્રાણશંકર. )

સ્ત્રીપરિષદનો કાલ્પનિક દશ્ય.

અલકા નગરીમાં આજે મહિલામંડળની એક સભા મળવાની હતી, જેમાં ભાગ લેવાને દેશ પરદેશથી સુશિક્ષિત, સ્ત્રીધર્મ પારાંગત, તેમજ અભ્યાસી સ્ત્રીવર્ગ-ની મોટી સંખ્યા એકત્ર મળી હતી. પરિષદ માટે ખાસ મંડપ ઉભો કરવામાં આવ્યો હતો અને તેમાં પ્રાંતવાર બેઠક ગોઠવી સામે સ્ત્રીઓ ભિન્ન ભિન્ન પ્રકારે ગૃહ–તંત્ર ચલાવતી હોય, તેવાં દશ્ય ચિત્રો ટાંગવામાં આવ્યાં હતાં; તેમજ 'સતીધર્મ-પતિ સેવા' 'શિયળ એ સર્વોત્તમ ભૂષણ છે.' ' ઘરની શોભા ઘરવાળી ' વગેરે આર-કાંઓ લટકાવી દીધાં હતાં. આજે સ્ત્રીઓમાં ઉત્સાહ અસાધારણ ફેલાયો હતો. મુક-રર કરેલા વખત અગાઉ સ્ત્રીઓનાં ટોળાં મંડપ તરફ આવવા લાગ્યાં. કોઇએ નાનાં બાળકોને કેડે ઉપાડી લીધાં હતાં. કોઈ ગાડીમાં આવી હતી, કોઇએ સાદાં પણ બંધબેસતાં સ્વચ્છ કપડાં પહેરી આવવું પસંદ કર્યું હતું, જ્યારે કેટલીએકે માથાના બાલ વિવિધ રીતે ગુંથી સેંથામાં કંકુ પૂરી શણગાર સજ્યા હતા. કેટલીક સખીઓ માર્ગમાં માંહોમાંહે તાળીઓ ઝીલતી વાતો કરતી હતી કે, "બ્હેન, આપણે સ્વરાજ્ય સ્થાપીશું, પછી તું તારા પતિને કયા હોદ્દાની નોકરી આપીશ ?" બીજીએ જવાબ આપ્યો ' મોંઘી બ્હેન, તમો તો ગાંડાં જ મટ્યાં નહિ, તમે તમારા સ્વામીને મોંઘાં તેથી બધે તેવુંજ જોતાં હશો ? ' આવી રીતે વિવિધ ચર્ચા ચાલી રહી હતી. કોઇ ગૃહસ્વરાજ્યનો અર્થ પૂછતી, ત્યારે કોઇ પૂછતી કે ' આજ સભામાં માલ મિષ્ટાન કે લ્હાણી-ઇનામ કંઇ થશે કે ખાલી વાતો જ થવાની છે ? '

દરવાજામાં ટોળાં પેસતાં જ તેને સ્વયંસેવિકા-બાળિકાઓ યોગ્ય નિર્ણય કરેલા સ્થાને લઇ જતી હતી. બરાબર વખતસર પ્રમુખ બ્હેન વિદ્યાગૌરીની ગાડી આવી પહોંચી, તેઓ મંડપમાં પેસતાં ઉભાં થઇ સૌએ .ઓવારણાં લીધાં, ઘણી-ઓએ તાળીઓ પાડી હર્ષ જાહેર કર્યો. અને તુર્ત વાજીંત્રનો નાદ શરૂ થતાં બાળા-ઓએ સૂર ઉમેર્યો:—



**રાગ—ભીમપલાસ.**

સુણજો સખીઓ રે, રાજ નીતિ નિપૂણ મંત્રી ધર્મ તંત્રને;
પૃથ્વીપતિ પ્રસન્ન કરવાના જંત્રને, રે....તરી જવાના જંત્રને—સુણજો.

---

( તાલ દાદરા તથા દીપચંદી $\frac{૬}{૩-૩}$ $\frac{૧૪}{૩-૪-૩-૪}$ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ની,સા:ગ,મ:પ,ધ | ની:ધ:ની,પ | : : | પ,મ:ધ,પ:મ,ગ | રી,સા:ની,સા:+ | ની:ધ:ની,સા |
| | સુ ણુ જો | | | | સ ખી ઓ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| રી,સા:ગ,રી:સા,ની | ધ,પ:મ,ગ:રી,સા | ની:—:પ | પ: પ:— | મ:ની:પ | ગ:રી:સા | પ:—:ની |
| રે | | રા જ | ની તિ– | નિ પુણ | મં—ત્રી | ધ—ર્મ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સા:ગ:રી | સા: :+ | ની,સા:ગ,મ:પ,ધ | મ:પ:ની | —:સા:— | સા:ગ:રી | સા:–સા: |
| તં—ત્ર | ને— | | પૃ થ્વી | પ— | તી-—પ્ર | સ—ન્ન |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ની:ની: પ | —:મ:પ | ગ:–:મ | ગ,મ:પ,ધ:ની,સા | : પ:પ | મ:–:પ | ગ: રી: પ | –:ની:સા |
| કે ર વા | –ના– | જં–ત્ર | ને | રૈ ય | ત—રી | જ વ વા | –ના– |

| | | |
|---|---|---|
| રી:ગ:રી | સા: : + | : : |
| જં—ત્ર | ને | |

કામધેનુ ધરા દુઝી રસ, જીવન જગ વરસાવતી,
પ્રજા રૂપી જીવન તણું, પોષણ કરે શકિત રતી;
છે નારી વાચક નામ એ, સૌ જગત રક્ષણમાં રહ્યાં,
સતિઓ સંભારો સ્નેહથી, સ્વધર્મમાં સંકટ સહ્યાં.
અર્પવા સ્વપ્રાણ છેક નથી કદી ડર્યાં,
એ ગુણવતી ગોરીનાં નામ અમર થઇ ઠર્યાં.
ધન્ય એ મંત્રીણી આજ,
ધન્ય એ સચિવ આજ—સુણજો.
અન્યાયનો નહિ ભાસ જ્યાં, રક્ષણ કર્યું રહી લાજમાં,
ગૃહ તંત્ર તેણે સ્વર્ગ નંદન, કર્યું પરમ સુખ સાજમાં;
સંતાન સર્વ કુટુંબમાં, પ્રેમાંશનું અમૃત ઝર્યું,
દુ:ખ કાપીને સુખ આપીને, ગાળે જીવન શાંતિ ભર્યું.
સંભાળવા સુમંત્રીએ, કરવો મહા પ્રયાસ, રક્ષવી પ્રજાને ખાસ—સુણજો.

ગાયન પૂરૂં થતાં સત્કારિણી સભાની મંત્રી બ્હેન જયાલક્ષ્મી ઉઠ્યાં અને પોતાનું ભાષણ વાંચવું શરૂ કર્યું.

" મારી વ્હાલી બ્હેનો,

તમો બ્હેનો આજે આપણા (ગૃહ) સ્વરાજ્યની સ્થાપના કરવાને દૂર દૂરથી અનેક પરિસહો સહન કરી અત્રે પધારેલાં છો. જેથી તમને થએલા શ્રમ માટે ક્ષમા માગી તમો બ્હેનોને આવકાર આપતાં મને બહુ આનંદ થાય છે. બ્હેનો, આપણે આંગણે કોઇ પણ મ્હેમાન આવી ઘરને પવિત્ર કરે એ આપણા અહોભાગ્યની નિશાની છે, તેમની સ્વાગતમાં સર્વ સામગ્રી હાજર રાખી તેમને સંતોષવા, તેમાંજ આપણું કલ્યાણ છે. સ્ત્રીઓ ગૃહલક્ષ્મી છે, ઘરનું નૂર, કુળની શોભા, કુટુંબની ચઢતી અને સંસારનું સૌભાગ્ય એ સ્ત્રીના સત્કારધર્મમાં જ છે. મતલબ કે અતિથિવાત્સલ્ય એ આપણો મુખ્ય ધર્મ છે, કે જે પ્રથમ કર્તવ્ય રૂપ આપ બ્હેનોની સેવા ઉઠાવવાનો શુભ અવસર મને પ્રાપ્ત થયો છે, તે માટે હું મારૂં અહોભાગ્ય સમજું છું.

બ્હેનો, આપણું કામ પુરૂષ સહચરીનું છે, આપણે સંસારગમન રથના ભાગીદાર-વાહક છીએ. જગત્‌ના પૂજ્ય પુરૂષોએ આપણા વર્ગની મહત્તા વિચારી આપણું સ્થાન પોતાથી પણ આગળ મુકેલ છે અને લોકો તેમને સ્મરતાં પણ આપણા હક્કને વિસરી જતા નથી. બ્હેનો, તમે સાંભળ્યું હશે કે રામને સંભારનાર સિતારામ કહે છે. કૃષ્ણને સ્મરનાર રાધાકૃષ્ણ કહે છે, અરે ! ચાલુ વાતચિતોમાં દરેક વખતે માત પિતાના કર્તવ્યોની તુલામાં કોઇને મુકતાં તેને 'મા બાપ' એ સંબોધન વાપરતાં પ્રથમ 'મા' નેજ અગ્રપદ આપવામાં આવે છે; એ શું આપણું ગૌરવ દર્શાવવા પુરતું નથી ? પરંતુ બ્હેનો ! આવા હકો માતા સિતા અને માતા રાધાને કેવી

રીતે મળ્યા તે આપણે જાણવું જોઈએ, અને તે હકો જાળવી રાખવાને આપણે વિચાર કરવો જોઈએ. આ કાર્ય માટે આપ બ્હેનો શાંત ચિત્તે વિચાર કરવા અત્ર એકત્ર મળો છો અને એ શુભ કર્તવ્યના નિરિક્ષણ માટે ઉત્સાહી થઈ રહી છો તેમ સ્પષ્ટ જોઈ મ્હારૂં હૃદય હર્ષથી ઉભરાય છે. ( તાળીયો )........

બ્હેનો, આપણા કાર્યની શરૂઆતમાં સર્વ શ્રુતજ્ઞાન અને ઐશ્વર્યતત્ત્વના મૂળરૂપ ૐ પ્રણવ મંત્રનું આપણે ધ્યાન કરીએઃ—

"ॐकारः परमैश्वर्यसंयुक्तस्तत्वसूचकः
आद्यहेतुरखंडात्मा परमाविर्भावकः ॥१॥"



"ૐ પરમ ઐશ્વર્યથી યુક્ત છું, તત્વોને સૂચવનારો છું, સર્વનો આદ્ય હેતુ છું, અખંડ સ્વરૂપવાળો છું, અને ઉત્કૃષ્ટ ભાવને જણાવનારો છું."

પ્રિયબ્હેનો, આ મહામંત્રનું સ્મરણ કરતાં અને તેમાં રહેલ અનંતગુણનો વિચાર કરતાં આ પ્રણવ મંત્રનું તાદૃશ્ય ચિત્ર મ્હારી દૃષ્ટિ સન્મુખ ખડું થાય છે.

જાણે પવિત્ર ૐકાર મંત્રના શિખર ઉપર સૌભાગ્યવતી ભારતદેવી હાથમાં ત્રિશૂળ ગ્રહીને ઉભાં છે. જેના ઉદરમાં પૂર્વ આર્યવીરો અને આર્ય રમણીઓએ પોતાનો પ્રતાપ વિસ્તારી મહાન્ શક્તિનું ચૈતન્ય જાગૃત કર્યું હતું એવી આ ભારતમાતા સાંપ્રતકાળે પોતાના સંતાનોને ભિન્ન ભિન્ન જાતિ અને વિવિધ ધર્માંધ ભાવોથી છિન્ન ભિન્ન થયેલાં જોઇ, તેમજ તેમાં પ્રવર્તેલ વિવેકહીનતા, નિર્બળતા અને સ્વાર્થાંધતા વગેરે અનુચિત આચરણો જોઇ; તે મહાદેવીની મુખાકૃતિ ખિન્ન થએલી દેખાય છે. પ્રિય વ્હેનો, એટલુંજ નહિ પણ આ મહાદેવીના આશ્રય નીચે ઉછરેલી પ્રાચીન આર્ય મહિલાઓ કે જેઓએ પૂર્વે ભારતની જ્ઞાનગંગામાં સ્નાન કરી મૂર્ત્તિમતી શારદા રૂપે થવાનું માન મેળવ્યું છે, શીલધર્મના શિક્ષણની ભાવનાને ઉચ્ચ સ્થિતિએ લાવી પોતાના સતીત્વનું ગૌરવ ગજાવ્યું છે અને ઉજ્વળ કુળદીપિકા બની આર્યગૃહ સંસારને દીપાવ્યો છે, તેમના સંતાનની આ સ્થિતિ જોઇને માતાના વદન ઉપર ગ્લાનિની છાંયા દેખાય છે.

પ્રિયવ્હેનો, આ પુણ્યભૂમિની અધિષ્ટાત્રી મહાદેવીના પ્રણવ આસનની નીચે સમગ્ર સૃષ્ટિ આવી રહેલી દેખાય છે, કે જેની ઉપર વિશ્વનું રક્ષણ કરનારૂં ત્રિશૂળ પ્રકાશિત થઇ રહેલું છે.

પ્રિય આર્ય વ્હેનો, આ પવિત્ર પ્રણવની બીજી તરફ આપણા બ્રીટીશ સામ્રાજ્યનો વિજયી વાવટો ફરકે છે; તે શાંતિ, સાહસ અને સતત્ ઉદ્યમનું સૂચન કરે છે. તે તરફ મહાદેવી સપ્રેમ દૃષ્ટિએ જોઇ જાણે સૂચવતી હોય, કે પ્રતાપી રાજ્યની છાયામાં રહી આપણાં ગૃહસ્વરાજ્યનો અધિકાર મેળવવાને આપણે ભાગ્યશાળી થઈ શકીએ તેમ છે. એ અધિકારને માટે જોઇએ તેટલી કેળવણી, ધર્માચરણ, આચારશુદ્ધિ અને વિચારના વિકાસનાં સાધનો મેળવવાનો હાલ મહાયુગ પ્રવર્તે છે. વળી એ વિજયી વાવટાના ચતુરસ્ત્ર મંડળમાં મહાસાગર ઉપર સત્તા ધરાવનાર બ્રીટીશ રાજ્યના નૌકાબળનું સૂચન જણાય છે જે આપણી મુસાફરીને નિર્ભય કરે છે.

આ સંસારસાગરની સપાટી ઉપર સફર કરતા નાવને સાધ્ય બંદરે પહોંચાડવા માટે નાવિકારૂપ નારીઓ છે. શાસ્ત્રજ્ઞો કહે છે કે:—

સદ્દગુણનો સઢ જ્યાં ચઢે, શીળ સુકાની થાય;
નારી નિર્મલ નાવથી, ભવનિધિ પાર પમાય.

પ્રિય વ્હેનો, બ્રીટીશ સામ્રાજ્યના વિજયી વાવટા નીચે મધ્ય ભાગે જે પતાકા ફરકે છે, ત્યાં ભારતવર્ષના મહાપુરૂષો એકત્ર થઇ સ્વદેશસેવાના મહાવ્રતને ઉજવતા તમારા સ્હાયની રાહ જુએ છે. તે તરફ દૃષ્ટિ કરૂં છું, ત્યારે આપણા કર્તવ્ય માટે આપણે શાંત સુઇ રહેલ હતાં તે જાણી મને બહુ લાગી આવે છે. અને જાણે ભારત દેવી પોતાના વામ લોચનને વિશાળ કરી તથા દક્ષિણ લોચનને અર્ધ મીંચી આપ-

ણને સમજાવતાં હોય કે, "પ્રિય ભારત મહિલાઓ, તમે મારી ઉન્નતિનો આધાર છો, તમે સૌંદર્યદ્વારા, પ્રેમદ્વારા અને સદાચરણદ્વારા મારી ભારત પ્રજાના આર્ય-સંસારનો અભ્યુદય કરી શકો તેમ છો, માટે ઉઠો અને તમારી ફર્જો તપાસવા કટીબદ્ધ થાઓ!!

આજકાલ જગતમાં સત્તા કહો કે હક્કની મારામારી એટલી તો ચાલી રહી છે, કે નાનાં મોટાં રાજ્યો ને નાની મોટી પ્રજા સૌ સ્વરાજ્ય મેળવવા ઉદ્યમ કરી રહેલ છે. અરે એટલુંજ નહિ પણ હિંદુ કે મુસલમાન, વણિક કે બ્રાહ્મણ, કોળી કે કુંભાર, ઢેઢ અને ભંગી સૌ પોતપોતે સ્વતંત્ર થવા પ્રયત્ન કરે છે, તેવા પ્રસંગે આપણે આપણા સ્વરાજ્યનો હક્ક કે જે પૂર્વકાળથી જ આપણે ભોગવતા આવીએ છીએ, તેનું રક્ષણ કરવું અને આપણા હકકો તપાસવા તે આપણી ખાસ ફરજ છે.

બ્હેનો, મહાત્મા મનુજી કહી ગયા છે કે-**यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः** એ મહા સૂત્રનું ગાંભીર્ય મહદ્ છે. અને તેનો ફલિતાર્થ થવા માટે દેવતાઓ પણ સંતોષ પામી આપણા કર્તવ્યને અભિનંદે તેવું માન મેળવવા માટેની અનેક ફરજો અદા કરવાને તૈયાર થવા જરૂરનું છે. (તાળીયો)........

# ફેશનની ફીસીયારી.



શીરીન-"જોવ આદરજી કેહું તેમ કરસો કેની?
ને ફેરવું હું તમને-તેમ ફરસો કેની?
બોલોની, તાબે બી રહેશો હરદમ?
બોલોની, સમજશો કે મારો હુકમ?"

આદરજી-"તું કહેસે ઉઠ તો ઉઠસ ખરે,
બેસ કહેતાં તારા બેસી બી જાઉં!
એ બચ્ચાં, તુંજ હુકમ જો મુજપર ફરે,
તો ઘર કહેતાં તારા પકડું હું પાંઉં!"

(ગપસપ.)

# બાળ લાલિત્ય.

( સં૦ સૌ. કુમુદ, પાદરાકર. )



ઝીણા ઝરમર વરસે મેહ—એ રાગ.

સખે! વાત એક રૂડી રૂપાળી રે–બાળ મ્હારો બાલુડો!
એની આંખલડિ અણિઆળી રે–બાળ મ્હારો બાલુડો!
ઝીણી ઝીણી નજરોએ આછું આછું જોતો, કાળજડાં હરી લેતો રે;
દાડમ કળિ શા દાંત બિરાજે, ઝીણું ઝીણું મરકી દેતો રે—બાળ૦

ન્હાનકડી નાજુકડી પગલી (જાણે) અળતાથી રંગેલી રે!
કુમ કુમ વેરે ઘર આંગણુ ભરી દે, નાચની મચાવે જ્યારે હેલિ રે—બાળ૦
સખિરી! સજાવું રૂડાં ઝભલાં ને વાઘા, શોભંતાને કાજે રે!
મોર પીછાંની એની ટોપી રૂપાળી, બન્યો કનઈઓ કાલો રે—બાળ૦

પ્રભુ બાળકના મરકવવેથી, વરસે ઝરમર મોતી રે;
પ્રભુને સંભારૂં મ્હારા બાળુડીઆમાં, પ્રભુના રૂપને જોતી રે—બાળ૦
ખાવા પીવાનું એને ભાન મળે નહીં, હસતી પુતળી રૂપાળી રે;
જીવન બગિચે ઝુકી રહેલી, ફુલ ગુલાબની ડાળી રે—બાળ૦
બાલુડો નર્યો ગાંડો ઘેલો, પોપટ સરખું બોલે રે;
વારી જાઉં વાર હજાર નંદનીઓ, ડોલાવે ને ડોલે રે—બાળ૦



# જીવનશકિતનો મહિમા.

લેખકઃ—સ્વર્ગના ઇજારદાર,

રા. અમ્રતલાલ સુંદરજી પઢીયાર.

જીવનશક્તિ એ અજબ જેવી સ્વર્ગીય વસ્તુ છે, જીવનશક્તિ એ અમૂલ્ય વસ્તુ છે, જીવનશક્તિ એ આત્માની ને પરમાત્માની શક્તિ છે, જીવનશક્તિ એ જગતનાં સૌ પ્રાણીઓની વ્હાલામાં વ્હાલી વસ્તુ છે, જીવનશક્તિ એ દેવતાઓની મહત્તા છે, જીવનશક્તિ એ મરણ પછીનો દીલાસો છે અને જીવનશક્તિને આધારે જ બ્રહ્માંડ રહેલું છે; માટે જગતમાં જેટલી સ્ત્રીઓ છે, જેટલાં શાસ્ત્રો છે અને જેટલી યુક્તિઓ છે તે બધી જીવનશકિત ખીલાવવા માટે જ છે. જેમકે ખેતીવાડી જીવનશકિત ટકાવી રાખવા માટે છે, વેપાર જીવનશકિત માટે છે, કોઇ પણ જાતની કારીગરી જીવનશક્તિને મદદ કરવાને માટે છે. મજુરીથી કેટલેક ઠેકાણે જીવનશક્તિ ઘસાતી હોય એ જુદી વાત છે પણ મજુરીનો મૂળ હેતુ તો જીવનશક્તિને ખીલવવાનો જ છે, આગબોટ, રેલ્વે, બલુન વગેરે જીવનશકિતને મદદ કરવા માટે જ છે. રસાયણ શાસ્ત્ર, ખગોળ શાસ્ત્ર, ભુગોળ વિદ્યા, ભુસ્તર વિદ્યા, કાવ્યવક્તૃત્વ અને દુરબીન, સૂક્ષ્મદર્શક યંત્ર વગેરે અનેક જાતનાં યંત્ર એ જીવનક્રિયાને ખીલવવા માટે જ છે. વૈદકશાસ્ત્ર જીવનશક્તિ વધારવા માટે છે, પાકશાસ્ત્ર જીવનક્રિયા વધારવા માટે છે અને જેમાં માણસોને મારી નાંખવાનો હુન્નર શીખવવામાં આવે છે એવું આ દુનિયાનું લશ્કરી ખાતું પણ જીવનશક્તિને મદદ કરવા માટેજ છે. ટુંકામાં એટલુંજ કહેવું બસ થશે કે જીવનશકિતને મદદ ન કરતું હોય એવું જગતમાં એક પણ શાસ્ત્ર નથી, જીવનશકિતને મદદ કરતી ન હોય એવી જગતમાં કોઇ પણ ક્રિયા નથી અને જીવનશક્તિને મદદ કરતું ન હોય એવું જગતમાં કોઇ પણ કામ નથી. મતલબ કે જગતની દરેક વસ્તુઓ અને દરેક વિચારો કોઇને કોઇ રૂપમાં જીવન-

શક્તિને મદદ કરે છે; આવી જીવનશક્તિ અમૂલ્ય છે. કારણકે જીવનશક્તિ એ આત્માની અને અનંતતાની શકિત છે અને જીવનશક્તિ વડેજ જગતનાં સૌ પ્રાણીઓની તથા સૌ વસ્તુઓની હયાતિ છે માટે જીવનશક્તિનો જેટલો મહિમા સમજીએ તેટલો થોડો જ છે.

આ જગતમાં અને આ જીંદગીમાં જે કાંઇ મેળવવા લાયક છે, તે જીવનશક્તિની મદદવડે જ મેળવી શકાય છે.

જીવનશકિતની મહત્તા સમજવા માટે આ વાત પણ જાણવી જરૂરની છે કે, જગતમાં આ જીંદગીમાં જે કાંઇ મેળવવા લાયક છે તે બધું જીવનશકિતની મદદ વડેજ મેળવી શકાય છે, માટે મહાત્માઓ એમ કહે છે કે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર વસ્તુઓ આ જગતમાં ને આ જીંદગીમાં મેળવવા લાયક છે, કે જે ચારે વસ્તુઓ ઉત્તમ જીવનશકિતની મદદથી જ મળી શકે તેમ છે. કારણ કે જેની જીવનશકિત ઢીલી—પોચી હોય, જેની જીવનશકિત દબાઇ ગએલી હોય, જેની જીવનશકિતના વિભાગ પડી ગયા હોય, જેની જીવનશકિત પરાણે પરાણે ટકી રહી હોય, તેનાથી ખરો ધર્મ કેમ બની શકે? તેનાથી ઘણો અર્થ કેમ મેળવી શકાય? તેનાથી વિધિસર કામને કેમ ભોગવી શકાય? અને એ ત્રણે વસ્તુ સિદ્ધ ન થાય, તો મોક્ષનાં તો દર્શન પણ કયાંથી થાય? પ્રથમ શરૂઆતનાં ત્રણ પગથીયાં ચઢ્યા વિના મોક્ષની છેલ્લી ચોથી ભૂમિકાનો તો ખ્યાલ પણ કયાંથી આવી શકે? અને એ વિના તો જીંદગી ફોગટજ ગણાય. આવું જીવનશકિતમાં બળ છે, માટે હવે આપણે એ જાણવું જોઇએ કે, આવી અમૂલ્ય જીવનશકિતની સાથે સ્રીઓને શું સંબંધ છે? કારણકે આ વેળાનો હેતુ “ સ્રીઓની જીવનશકિત અને તેઓના રોગો ” એ છે. અને એ હેતુ કાંઇ જેવો તેવો કે નાનો સુનો નથી; માટે મહાન જીવનશકિતની સાથે સ્રીઓનો કેવો સંબંધ છે તે આપણે જાણવું જોઇએ.

જગતના સૌ જીવોમાં, દરેક વનસ્પતિમાં અને દરેક સ્થૂલ વસ્તુઓમાં અલૌકિક જીવન શકિત અજબ જેવી રીતે રહેલી હોય છે, પણ તેમ છતાં કેટલીક ચીજોમાં જીવનશકિત ઘણી વધારે હોય છે અને કેટલીક ચીજોમાં તે બહુ ઓછી હોય છે. જેમકે કેટલીક જાતની વનસ્પતિ એવી નાજુક હોય છે કે તેને જો પોષણ ન મળે તો તે થોડા વખતમાંજ કરમાઈ જાય છે. અને કેટલીક જાતની વનસ્પતિ એવી હોય છે કે તે સહેલાઇથી સુકાતીજ નથી. એ માટે ગૃહસ્થોને ઘેરે રાખેલાં કેટલીક જાતનાં ફુલનાં કુંડાંઓ અને હાથલા થોરનો દાખલો જાણવા લાયક છે. એ ફુલોમાં કેટલાંક એવી જાતનાં હોય છે, કે જેઓને એક દિવસ પાણી ન મળે તોપણ તે કરમાઇ જાય છે અને થોરમાં હાથલો, કંટાળો વગેરે કેટલીક એવી જાત હોય છે કે જેઓને મહીનાઓના મહીના સુધી પાણી ન મળે તોપણ તે જીવી શકે છે. કેટલીક જાતનાં

ઝાડોની ડાળો કાપી નાંખ્યા પછી તે કાપેલી ડાળો બહુ જલદીથી સુકાઇ જાય છે અને કેટલીક જાતની ડાળો કાપ્યા છતાં પણ ઘણા મહીનાઓ સુધી સુકાતી નથી. તેમજ કેટલીક જાતના ઝાડની ડાળો ઉગી શકે છે અને કેટલીક જાતના ઝાડની ડાળો ઉગી શક્તિ નથી.

આ બધા ફેરફારનું કારણ જીવનશકિતના ભેદો છે. એજ પ્રમાણે કેટલીક જાતની વનસ્પતિનાં બીજ ટુંક મુદતમાં સડી જાય છે અને કેટલીક જાતનાં બીજ ઘણા મહીનાઓ સુધી સડતાં નથી. જેમકે આંબાની ગોઠલી ત્રણ મહીના પછી ઉગી શકિત નથી; કારણકે તેમાં જે ઉગવાની શકિત છે તે જીવનશકિત છે. એ શકિત એટલી મુદતમાં બગડી જાય છે, પણ બીજાં કેટલીક જાતનાં અનાજ તથા બીજ એક વરસ સુધી ઉગી શકે છે, એટલી તેમાં જીવનશક્તિ વધારે હોય છે; અને રૂદ્રાક્ષનાં બીજ માટે જૂનાં ગ્રંથોમાં એમ લખેલું છે કે, સો વરસ સુધી તેના બીજો ઉગવાની શકિત જાળવી શકે છે. મતલબ કે કુદરત જેને જાળવી રાખવા ઇચ્છે છે તેને વધારે જીવનશકિત આપે છે અને જે ચીજ ઓછી અગત્યની હોય તેનામાં જીવનશકિત ઓછી હોય છે.

વનસ્પતિમાં જેમ જીવનશકિતના ભેદ છે અને જુદી જુદી જાતમાં તે ઓછી કે વધારે હોય છે, તેમજ ઘણી જાતનાં પ્રાણીઓની જીવનશકિતમાં પણ વધુ તફાવત હોય છે; પણ એટલી બધી બાબતોનું લંબાણ કરવાની જરૂર નથી. ટુંકામાં એટલુંજ જણાવવું બસ થશે કે, જગતમાં જે વસ્તુની કે જે પ્રાણીની કુદરતને ખાસ વધારે જરૂર લાગે, તેનામાં તે વધારે જીવનશકિત મૂકે છે, અને એ મહા નિયમ મનુષ્યને તથા દેવોને પણ લાગુ પડે છે. જે મોટા દેવો હોય તેઓમાં જીવનશકિત વધારે હોય છે તેથી તેઓનું આયુષ્ય વધારે હોય છે અને આયુષ્યનો સંબંધ સદ્દગુણોની સાથે છે એ તો બધું સહેલાઇથી સમજી શકાય તેવી વાત છે.

## સ્ત્રીઓ અને પુરૂષોમાં જીવનશક્તિનો તફાવત.

તમે સાંભળીને અજબ થશો કે પુરૂષો કરતાં સ્ત્રીઓમાં જીવનશકિત ઘણી વધારે હોય છે. પુરૂષોની જીવનશકિત તાણવાથી તુટી જાય તેવી હોય છે અને સ્ત્રીઓની જીવનશક્તિ તાણવાથી તુટે નહિ તેવી બહુ ચીવટ હોય છે. પુરૂષોમાં જીવનશકિત બહુ જોસદાર હોય છે, છતાં પણ તે ખરાબ સંજોગો વચે ટકી શકિત નથી; અને સ્ત્રીઓની જીવનશકિત નાજુક હોય છે, છતાં પણ તે ખરાબ સંજોગોની વચે પણ ટકી શકે તેવી જાતની હોય છે. પુરૂષોની જીવનશકિત અક્કડ હોય છે અને સ્ત્રીઓની જીવનશકિત સ્થાપક હોય છે. પુરૂષોની જીવનશકિત નિર્ભય થઇને ઉછળતી રહે છે અને સ્ત્રીઓની જીવનશકિત સલામતીને શોધતી રહે છે. પુરૂષોની જીવનશક્તિ સીધેસીધી હોય છે અને સ્ત્રીઓની જીવનશકિત વાંકી ચુંકી હોય છે. પુરૂષોની જીવનશકિત સરખી ધારાથી વહે છે અને સ્ત્રીઓની જીવનશકિત કોઇ વખત ઝીણી ને કોઇ વખત મોટી ધારાથી વહે છે. પુરૂ-

ષોની જીવનશકિત પ્રસંશીત ને જુસ્સાવાળી હોય છે અને સ્ત્રીઓની જીવનશકિત તેના પ્રમાણમાં કાંઇક ઓછા પ્રકાશવાળી ને શાંત હોય છે અને પુરૂષોની જીવન-શકિત જાણે જુવાનીવાળી હોય તેવી દેખાય છે ત્યારે સ્ત્રીઓની જીવનશકિત જાણે ઠરેલી પ્રૌઢ ઉમરની હોય તેવી દેખાય છે; આવો સ્ત્રીઓની અને પુરૂષોની જીવન-શકિતમાં તફાવત છે. પણ આ મનુષ્ય પ્રકૃતિના સ્વાભાવિક ભેદો—આ કુદરતના ઉંડા રહસ્યના ભેદો અને આ સ્ત્રીઓની જીવનશકિતની મહત્વતાના ભેદો જગતમાં બહુજ થોડા માણસો જાણે છે અને તેમાં પણ આવા આખા સ્વરૂપમાં સ્ત્રીઓ તો આવી અગત્યની ને આવી ઉત્તમ વાતો જાણતીજ નથી, તેથી તેઓ પોતાની ખુબીઓ સમજતી નથી; અને પ્રભુએ તેઓની ઉપર કેટલી બધી ખાસ કૃપા કરેલી છે તે બાબત પણ તેમના ધ્યાનમાં નથી; ત્યારે તેમાંથી કેવાં મહાન કામો કરી શકાય અને તેથી કેટલી બધી સેવા કરી શકાય ? એ વાત તો કયાંથીજ જાણે ? પણ યાદ રાખજો કે, સ્ત્રીઓમાં રહેલો સેવાધર્મ સમજાવવા માટેજ અને સ્ત્રીઓની મહત્તા સમજાવવા માટેજ આ ખાસ લેખ લખવામાં આવ્યો છે.

સ્ત્રીઓની અને પુરૂષોની જીવનશકિતના ઉપર મુજબ ભેદો જાણવાથી એ વાત બહુ ચોખી રીતે સમજી શકાય છે કે, સ્ત્રીઓની જીંદગી આ જગતમાં ઘણો વધારે વખત કાયમ રહે એવી કુદરતની ઇચ્છા છે, તેથી તેઓને ચીવટ જીવનશકિત આપેલી છે; અને પુરૂષો પાસે સાહસનાં કામો કરાવવા કુદરતની ઇચ્છા છે તેથી તેઓને એ જાતની જીવનશકિત આપેલી છે. જો એમ ન હોત અને સ્ત્રીઓમાં જે જાતની ચીવટ જીવનશકિત છે તે જાતની જીવનશકિત પુરૂષોમાં હોત તો પુરૂષો તોપના ગોળાઓની સામે જઈ શકત ખરા કે ? જો સ્ત્રીઓના જેવી જીવનશકિત પુરૂષોમાં હોત તો પુરૂષો સબમરીનની ને વીમાનોની શોધ કરવાનાં ને મરવાનાં સાહસો ખેડી શકત ખરા કે ? અને અતિ વિરૂદ્ધ સંજોગોમાં તથા બહુજ દુઃખી સ્થિતિમાં પણ પોતાની જીવનશકિત ટકાવી રાખવાની સ્ત્રીઓમાં જે શકિત છે તેવી જીવનશકિત જો પુરૂષોમાં હોત તો પુરૂષો જગતમાં મહાન ઉથલપાથલ કરી શકત ખરા કે ? નહીંજ. તેમજ પુરૂષોમાં જે જાતની સીધી ને ઉછળતી જીવનશકિત છે તે જાતની જીવનશકિત જો સ્ત્રીઓમાં હોત તો ખરાબ સંજોગોમાં પણ સ્ત્રીઓ જીવી શકે છે તેવા સંજોગોમાં તેઓ જીવી શકત ખરી કે ?

દુનિયાના દરેક દેશોના આંકડાઓ એમ બતાવે છે કે ખરાબ સંજોગો આવતાં પુરૂષો જીંદગીથી જલદી કંટાળી જાય છે અને આપઘાત કરી નાંખે છે. કારણકે તેઓની જીવનશકિત જલદીથી તોડી નંખાય તેવી હોય છે, પણ સ્ત્રીઓના આપઘાત બહુ ઓછા હોય છે. કારણકે તેઓની જીવનશકિત બહુ ચીવટ હોય છે એટલે તેઓની જીવવાની ઇચ્છા બહુ જબરી હોય છે, તેથી તેઓ અતિશય દુઃખની વચ્ચે પણ જીવી શકે છે. —ચાલુ



સૌ. હીરાલક્ષ્મી પુનમચંદ કરમચંદ કોટાવાળા.

'સ્ત્રી કર્ત્તવ્યસંશોધન' નાં વિચારીકા.

આનંદ પ્રી. પ્રેસ–ભાવનગર.

# સ્ત્રી કર્ત્તવ્યનું સંશોધન.

(લે.–સૌ. હીરાલક્ષ્મી પુનમચંદ કરમચંદ કોટાવાળા.)

| | |
|---|---|
| ૧ સ્ત્રીઓનો શ્રેષ્ઠ સદ્ગુણ કયો છે? | પતિ ભક્તિ |
| ૨ સ્ત્રીઓનો શણગાર શો છે? | શિયળ |
| ૩ પતિને વશ કરવાનો મંત્ર કયો? | મધુર વચંન માંન અને રતી |
| ૪ સ્ત્રીઓનું મુખ્ય કર્ત્તવ્ય કયું? | ગૃહ રક્ષણ |
| ૫ સ્ત્રી ઉન્નતિનો સરલ માર્ગ કયો? | સ્ત્રી કેળવણી |
| ૬ બાળકોના રક્ષણ માટે ખાસ શું સંભાળ રાખવાની જરૂર છે? | આરોગ્યતા |
| સહી | હીરાલાલ. હીરા લક્ષ્મી પુનમચંદ કરમચંદ. કોટાવાળા |

# વીરકન્યા-વાશુલદત્તા

( લે૦ **સુશીલ**—શિવસદન—મહુડા. )

( ગતાંક પૃષ્ટ ૨૫ થી ચાલુ )

( ૪ )

રાજા ઉદયન ક્રમે ક્રમે ગાઢ અરણ્યમાં આવી પહોંચ્યો. લગભગ એક પહોર વ્યતીત થઇ ગયો હશે. આવા નિબિડ વનમાં પ્રવેશ કરવો એ રાજા ઉદયન સિવાય અન્યને માટે સંભવિત નથી. ગાઢ ઝાડીને લીધે સૂર્યનો પ્રકાશ પણ ભૂતળ સુધી પહોંચી શકતો નથી. માત્ર કોઇ કોઇ સ્થળે એ પાંદડાની મધ્યમાં થઈને પ્રકાશ પૃથ્વી ઉપર આવી શકે છે. રાજાને આ વનનો છેક નવો અનુભવ ન્હોતો. તેણે પોતાની સાથે કોઇ નોકર—ચાકરને લેવાનું પણ યોગ્ય ધાર્યું નહોતું. કારણકે પોતાની શક્તિ તથા બુદ્ધિ ઉપર તેને સંપૂર્ણ વિશ્વાસ હતો. અતિ દૂર પહોંચ્યા પછી રાજા સહેજ આરામ કરવાનો વિચાર કરે છે, એટલામાં સંધ્યાબંધ હાથીનાં પદચિન્હો તેની નજરે પડ્યાં. ઉદયને શ્રમ સફળ થવાનો સમય નજીક આવી પહોંચેલો જોઇ હર્ષમાં જ તે તરફ પોતાનો ઘોડો મારી મૂકયો. કિંચિત્ દૂર નીકળી જતાં એક હાથીનો પાછલો ભાગ દ્રષ્ટિગોચર થયો. હાથી પ્રાણભયે વેગપૂર્વક દોડી જતો હોય એવો રાજાને આભાસ થયો. તેણે તુરતજ બૂમ મારી અને વજ્રઘોષ જેવા સ્વરોમાં કહ્યું કે:—"ખબરદાર ! આગળ ન જતો !" હાથી મંત્રમુગ્ધ સર્પની માફક ઉભો થઇ રહ્યો એટલુંજ નહીં પણ તેની સૂંઢ—પગ કે કાન સુદ્ધાં ગતિરહિત થઇ ગયાં ! જાણે પટ ઉપર ચિત્રેલું એક ચિત્રજ હોયની કેમ ? રાજાએ હાથીના પાસે જઇ તેના પગમાં એક જાળ નાંખી દીધી. રાજા ઉદયન હાથીને પોતાના અંકુશ નીચે લાવે તે પહેલાં તો તે બનાવટી હાથીના ઉદરમાંથી પાંચસો સૈનિકો બહાર નીકળી આવ્યા ! એક નહીં બે નહીં પણ પાંચસો સૈનિકો ! તે બધાએ મળી રાજા ઉદયનને ઘેરી લેવાનો પ્રયત્ન કર્યો. રાજા તો આ ઇંદ્રજાલિક દૃશ્ય જોઇ થોડી વાર સ્તબ્ધ જ થઇ ગયો, તેના હાથ પગ શિથિલ થઈ ગયા ! એક સૈનિકે જ્યારે રાજા પાસે આવી તેના હાથ—પગમાં લોઢાની મજબૂત કડીઓ પહેરાવવા હાથ લાંબો કર્યો, ત્યારે જ રાજાની મોહનિદ્રા ઉડી ! તત્ક્ષણ તે સાવધ થયો અને હાથમાંની એક મજબૂત લાઠીની સહાયથી પેલા સૈનિકને દશ હાથ દૂર ઉરાડી મુકયો ! નિમેષમાત્રમાં તેણે મ્યાનમાંથી પોતાની તલવાર બ્હાર કાઢી. રાજા ઉદયન ઘણો સરળ, શાંત અને ભવ્યાત્મા હતો, તોપણ

યુદ્ધ વેળા કોઇથી પાછો હઠે તેવો ન્હોતો. વસ્તુત: તે એક વીર શિરોમણી હતો. ચક્રની માફક ઉદયનની તરવાર ચોતરફ ઘુમવા લાગી. જો કે અતિ શ્રમને લીધે, ભુખ અને તૃષાની વેદનાને લીધે તેમજ થોડા વખત ઉપરના પશ્ચાત્તાપને લીધે ઘણો નિરાશ અને મંદ બની ગયો હતો, તોપણ પોતાના બાહુબળનો વિદ્યુત્‌ના જેવી ક્ષિપ્રતાનો અને મંત્રશક્તિ જેવી સચોટતાનો શત્રુસૈન્યને પરિચય આપવા લાગ્યો ! જોતજોતામાં બસો સૈનિકોના મસ્તક ધરણી ઉપર પડ્યાં. આગળ જ કહેવાઇ ગયું છે કે સૈન્યસંખ્યા કંઇ એકસો કે બસોની ન્હોતી ! તે ઉપરાંત ઉદયન ગમે તેવો શૂરવીર હોય તોપણ આખરે તો તે મનુષ્ય જ હતો ! મનુષ્યની શક્તિનું માપ હોય છે ! મનુષ્યની સહનશક્તિની પણ સીમા હોય છે ! તે શક્તિ અને સહનશીલતા ક્રમે ક્રમે ક્ષય પામી, રાજા ઉદયન જે અત્યાર સુધી પાંચસો સૈનિકોમાં ત્રાસ વર્ત્તાવતો હતો તે મૂર્ચ્છિત થઇ ધરણી માતાના ખોળે પડી ગયો. બાકી રહેલા સૈનિકો તેને પકડી કેદ કરી અવન્તિ રાજ્યમાં લઇ ગયા.

( ૫ )

જે રાજા ઉદયનની યશ:પ્રભા પાસે અવન્તિરાજ–પ્રદ્યોતની યશ:જ્યોતિ મ્લાન જેવી થઇ પડી હતી, જેની કીર્ત્તિકથા અવન્તિરાજને એક બાણ જેટલી પીડા આપતી હતી, જેનું નામ પણ શત્રુની દયા જેવું કડવું ઝેર થઇ પડયું હતું, જેનો પ્રભાવ ગરીબના ઐશ્વર્યની માફક પ્રદ્યોતને ઉન્મત્ત બનાવી મુકતો હતો, તે રાજા ઉદયન આજે પ્રદ્યોતના કારાવાસમાં કેદી તરીકે સપડાયેલો છે. પ્રદ્યોતના મુખ ઉપર વિજયની પ્રભા પ્રકાશી નીકળી છે, નગરવાસીઓ પણ રાજાના સુખે સુખી બની આનંદ–ઉત્સવ કરવા મંડી પડ્યાં છે. સમસ્ત રાજ્યમાં આમોદ–પ્રમોદનો બળવાન્ પ્રવાહ વહેવા લાગ્યો, રાજ્યના સઘળા સ્ત્રી–પુરૂષો એ પ્રવાહમાં સ્વચ્છંદે જણાવા લાગ્યા. ઘેર ઘેર કૌશાંબી રાજની મશ્કરી અને ચર્ચા થવા લાગી. સમસ્ત રાજ્યમાં માત્ર એકજ એવી વ્યક્તિ છે કે જે આ આમોદ–પ્રમોદમાં કે ચર્ચા–મશ્કરીમાં ભાગ લઇ શકી નથી અને તે બીજી કોઇ નહી પણ અવન્તિ રાજની વીરપુત્રી રાજકુમારી વાશુલદત્તા છે. તે નીરવ, શાંત અને ગંભીરજ રહી છે, એક મનુષ્યના પરાજય નિમિત્તે આટલો ઉત્સવ–આમોદ કરવો, એક રાજ્યની અપગતી કરી અન્ય રાજ્યે આટલો વિનોદ કરવો, એક માણસે છેતરપીંડી કરી અન્ય માણસનું સત્યાનાશ કહાડવું તે માટે તેની વાહવા ગાવી એ બધું સરળા કુમારી વાશુલદત્તાને બીલકુલ ગમ્યું નહીં. તે પોતાના કોમળ કરની અંગુલીઓ સુડોળ ગાલ ઉપર રાખી બારીમાં બેઠી બેઠી કંઇક વિચારો કરતી હોય તેમ જણાય છે. તેણી શું વિચાર કરતી હશે ?

" મનુષ્ય ભલે પોતાને હિંસક પ્રાણીઓથી ભિન્ન માની લે, પણ વસ્તુત: તેના જેવું હિંસ્ર પ્રાણી ભાગ્યેજ આ મર્ત્યલોકમાં હશે. સંસારની પ્રત્યેક સામગ્રી ધન, જન, માન, યશ એ સર્વ ક્ષણભંગુર છે એટલું જાણવા છતાં મનુષ્યો શા માટે

અન્યાય અને અત્યાચાર કરવામાંજ પોતાનું અમૂલ્ય જીવન વીતાડી દેતા હશે? ક્ષણિક જીવનની કલ્પિત સુખ સામગ્રી સંચિત કરવા મનુષ્યો શા માટે અનંતકાળની યથાર્થ સુખસામગ્રી ગુમાવી બેસતા હશે? જીવનને શાંતિ, આનંદ અને સંતોષથી અમૃતમય કરવાને બદલે વિવાદ, કલેશ, દ્વેષ–ઈર્ષા આદિથી શા માટે કડવું ઝેર જેવું બનાવી દેતા હશે? મનુષ્ય એ કેટલું બધું પામર પ્રાણી છે? આ બે–ચાર દીવસનું જીવન કદાચ દુઃખમય હોય તો પણ શા માટે તે સહન નહીં કરી શકતા હોય? મનુષ્ય પ્રાણી આટલું બધું કાયર અને ભીરૂ હોય છે તે તો મેં આજે જ જાણ્યું? માત્ર મનુષ્ય જાતિમાંજ એવી દુર્બળતા ક્યાંથી પેસી ગઈ હશે? યુક્તિવાદીઓ કહે છે કે, જેવાની સામે તેવા થવું એ જ ઉચિત છે, આ વાત મારે ગળે ઉતરતી નથી. જો અન્યાયીની સામે અન્યાય કરવો ઉચિત હોય તો પછી મનુષ્યમાં અને જડપદાર્થમાં શું ભેદ રહે? એક પથ્થર પણ આઘાતનો પ્રત્યાઘાત મનુષ્ય કરતાં ઘણી સારી રીતે વાળી શકે છે. તો પછી મનુષ્યોનું મનુષ્યત્વ ક્યાં રહ્યું? બદલો લેવો, વાસના તૃપ્ત કરવી એજ જો મનુષ્ય–જીવનનો ઉદ્દેશ હોય તો પછી મનુષ્ય અને માંસાહારી પશૂમાં શું ભેદ? પોતાના સ્વાર્થને આઘાત લાગવા છતાં જેઓ આકાશની માફક નિષ્કંપ અને અચળ રહે છે, વિકાર પામવાના અનેક હેતુઓ પ્રાપ્ત થવા છતાં જેઓ પ્રકાશની માફક નિર્વિકાર રહે છે, સહસ્ર ઉપદ્રવોની મધ્યમાં રહેવા છતાં જેઓ હીમાચળની માફક સ્થિર રહે છે તેઓજ યથાર્થ મનુષ્યો છે, તેઓજ યથાર્થ વીરપુત્રો છે. અને તેઓના અવતરણથીજ આ માનવલોકનું ગૌરવ છે. ખરેખર આપણે બહુ દુર્બળ અને ભીરૂ છીએ. આ આપણી દુર્બળતા કયારે દૂર થશે?" આ પ્રમાણે વિચાર કરતી વાશુલદત્તા અશ્રુધારા વર્ષાવવા લાગી.

ધીરે ધીરે સંધ્યા આવી પહોંચી, અસ્ત પામતા સૂર્યની સ્વર્ણમય છટા ક્રમે ક્રમે અદ્રશ્ય થવા લાગી. પશુ–પક્ષીઓના સમુહો બની શકે તેટલી ત્વરાથી પોતાનો આવાસ શોધવા લાગ્યાં. પક્ષીઓ કલરવ કરતાં પોતાના માળામાં ભરાયાં.

અવન્તિરાજની રાજસભા પણ બરખાસ્ત થવાની તૈયારીમાં છે. ભાટ–ચારણોએ રાજાની કીર્ત્તિગીતિ લલકારવી શરૂ કરી, સૈનિકોએ અવન્તિ રાજની જય સૂચવનારા ધ્વનીઓ કર્યા, પંડિતોએ આશિર્વાદ આપ્યા, મહારાજાએ નિત્ય નિયમ પ્રમાણે દરિદ્રો–કંગાળો અને ભિક્ષુકોને મુકતહસ્તે દાન આપવા માંડયું, વફાદાર અધિકારીઓને યોગ્યતાનુસાર ઇનામ વિગેરે આપવામાં આવ્યાં, છેવટે મંત્રીએ ઉભા થઈ ગંભીર અવાજે રાજ આજ્ઞાની ઘોષણા કરતાં જણાવ્યું કેઃ—"આજથી સાતમા દીવસે પ્રાતઃકાળે કૌશાંબીના રાજા ઉદયને રાજચક્રવર્તી અવન્તિનાથની વિરૂદ્ધમાં જે આચરણ કર્યું છે, તે બદલ તેને શૂલીએ ચડાવવામાં આવશે." રાજાનો આવો આદેશ સાંભળી અનેકો ચિંતામાં પડયા, અનેકો ખુશી થયા અને અનેકો રાજાની નિંદા કરતા સભામાંથી બહાર ચાલ્યા ગયા. સભા બરખાસ્ત થઈ.

( ૬ )

રાત્રીનો એક પ્રહર વીત્યો ત્યાંસુધી મંત્રીએ અને પ્રદ્યોતે ખાનગીમાં અનેક ચર્ચા કરી. પ્રાત:કાળ થતાં પહેલાં રાજા પ્રદ્યોત કેદખાનાના બારણા પાસે આવી પહોંચ્યો. રાજા ઉદયને ગઈ આખી રાત્રી પાપ પુણ્યનો હિસાબ કહાડવામાં તથા કૌશાંબીની પ્રાણપ્રિય પ્રજાનું શું થશે તેનો વિચાર કરવામાં જ વ્યતીત કરી હતી, તેથી પ્રાત:કાળના સ્નિગ્ધ પવને તેને જરા નિદ્રાભિભૂત કર્યો હતો. વસ્તુત: તે નિદ્રામાં હતો કે તંદ્રામાં હતો તે કહેવું મુશ્કેલ છે. કેદખાનાની સાંકળો ખડખડતાંની સાથે જ તેની નિદ્રા ઉડી ગઇ. ઉદયને લાલ આંખો ઉઘાડીને જોયું તો રાજા પ્રદ્યોત પ્રાત:કાળના શુક્ર તારકા જેવી એક યુવતી પ્રતિહારિના ખંભા ઉપર ટેકો દઇ ઉભેલા જણાયા.



( ઉદયન રાજા તો માત્ર દાન આપતાંજ શીખ્યો છે–દાન લેતાં તેને આવડતું નથી. )

પ્રદ્યોતે કહ્યું–" ઉદયન ! હું તને પ્રાણદાન આપવા આવ્યો છું." ઉદયને ઉત્તરમાં જણાવ્યું કે–" અવન્તિનાથ અપાર કરૂણાશીલ છે તે હું જાણું છું, પરંતુ ઉદયન રાજા તો માત્ર દાન આપતાંજ શીખ્યો છે–દાન લેતાં તેને આવડતું નથી."

અવંતિનરેશ એક કેદી રાજાનો આવો અહંકાર જાણી બહુ આશ્ચર્ય પામ્યા. તેમણે પુન: તે જ વાતને જરા નરમ બનાવતાં કહ્યું–" દાન નહીં, પ્રતિદાન ! તમે

મને હાથી પકડવાનો મંત્ર શીખવો અને તેના બદલામાં હું તમને તમારો પ્રાણ તથા રાજ્ય પાછું સોંપું. ”

ઉદયને પ્રત્યુત્તર આપ્યો:–“ પ્રાણની મને પરવા નથી, પણ જો એક શિષ્ય જેવી પાત્રતા તમે મેળવી શકો, તો તંત્ર વિદ્યા શીખવવામાં મને હરકત નથી. ”

“ હું ન સમજ્યો, શિષ્ય જેવી પાત્રતા એટલે શું ?” પ્રદ્યોતે પ્રશ્ન કર્યો.

“ એક જીજ્ઞાસુની માફક અતિ વિનિતભાવે મંત્ર શીખવા બેસવું પડશે; તમારાથી તે બની શકશે ? ” ઉદયને ખુલાસો કરતાં પૂછયું.

પ્રદ્યોત રાજાના મુખ ઉપર ચિંતાની રેખા ફરી વળી ! શું ઉત્તર આપવો તે નક્કી કરી શકયો નહીં. પોતાની નિર્બળતા પ્રકટ થઇ ન જાય એટલા માટે તે બોલી ઉઠયો કે:–“ સમજ્યો; યમદૂત જ તમને આ શબ્દો બોલાવે છે ! ”

ઉદયને અતિ નિશ્ચિંતભાવે ઉત્તર આપ્યો–“ આપની સમજશકિત માટે હું આપનો આભાર માનું છું.” પ્રદ્યોત કારાગારમાંથી રવાના થયો.

તે દિવસે આકાશમાં મેઘ અને વાયુ વચ્ચે પ્રબળ યુદ્ધ ચાલી રહ્યું હતું. મેઘ જળધારારૂપે પૃથ્વી ઉપર ઉતરી આવવા પ્રયત્ન કરતો હતો અને વાયુ તેની સમસ્ત તૈયારીઓ છિન્નભિન્ન કરી વિખેરી નાંખવા મથતો હતો. મેઘ વરસાદરૂપે નીચે આવી વનસ્પતિને નવું જીવન આપવાનો પ્રયત્ન કરતો હતો અને પવન અર્ધ ખીલેલાં ફુલોને તોડી નાંખી જમીનદોસ્ત કરવા મથતો હતો. મેઘ દાન કરવા ઇચ્છતો હતો અને વાયુ હરણ કરવાની વાસના રાખતો હતો, બન્ને વચ્ચે તુમુલ યુદ્ધ થયું. છેવટે મેઘનીજ ફતેહ થઇ. પવનની શકિત થોડીવાર વૃક્ષોને–પુષ્પોને પ્રકંપિત કર્યા પછી ક્ષીણ થઈ ગઇ, વારીધારા વેગથી વહી નીકળી ! આ દૃશ્ય નીહાળી ઉદયને વિચાર કર્યો કે–“ મનુષ્ય કેટલો પામર છે ? સહેજસાજ ઉપદ્રવ અને આઘાતમાં પણ પોતાનું સ્વત્વ ગુમાવી બેસે છે. મેઘની પાસેથી પણ શાંતિ ઉત્સાહ અને પુરૂષાર્થનું કેટલું ઉપયોગી શીક્ષણ મળી શકે તેમ છે ! આ મેઘ જેવા ગંભીર, નિ:સ્વાર્થ અને ધ્યાની પુરૂષો જગત્‌માં કોઇ વિરલ જ હશે ! પેલા યોગી કે જેને મેં નિચ બુદ્ધિથી ચાબુકોનો પ્રહાર કર્યો હતો, તેમના જેવી ધીરતા અને વિકારહીનતા કયારે પ્રાપ્ત થશે ? કોટિશ: પ્રણિપાત છે તે યોગી–મુનિના ચરણપંકજમાં ! મનુષ્ય છતાં તે દેવોપમ યોગીના ચરિત્રમાં અને મારા જેવા સંસારના કીડાના ચરિત્રમાં કેટલો બધો પ્રભેદ, એ ભેદ કયારે દૂર થશે ? ”

ઉદયનના મનમાં નવા સામર્થ્યે પ્રવેશ કર્યો. સંધ્યા સમયે પ્રદ્યોત જ્યારે પુન: કેદખાનામાં આવ્યો, ત્યારે ઉદયન આંખો મીંચી પદ્માસનવાળી ધ્યાનસ્થ અવસ્થામાં બેઠો હતો. રાજાએ “ ઉદયન ! ” કહી તેને સંબોધન કર્યું. ઉદયને આંખો ઉઘાડી પ્રદ્યોતની સામે દ્રષ્ટિપાત કર્યો, પરંતુ ભયનો કે સંકોચનો લેશ માત્ર ભાવ દર્શાવ્યો નહીં. રાજાએ પ્રશ્ન કર્યો કે–“ મારા સિવાય અન્ય કોઈ તમારા શિષ્ય

તરીકે તે મંત્ર શીખવા ધારે તો શીખી શકે કે નહીં ? ” ઉદયને મસ્તક નમાવી હકારમાં ઉત્તર વાળ્યો, અને પુનઃ પોતાના ધ્યાનમાં નિમગ્ન થયો. “ તો પછી એક સ્ત્રી તમારી પાસે મંત્રવિદ્યા શીખવા આવશે, જો કે તેણી બહુજ બેડોળ અને કદરૂપી છે તો પણ કેવળ નારીજાતિ હોવાના કારણે તે તમારી સામે સાક્ષાત્‌રૂપે બેસી શકશે નહીં. તમારી અને એની વચ્ચે એક પડદો રહેશે. ” એટલું કહી પ્રદ્યોત ત્યાંથી ચાલી નીકળ્યો. જતાં જતાં તે મનમાં બોલ્યો કે—“ એકવાર મંત્ર પ્રાપ્ત થઈ જાય એટલે બસ, પછી તો તેનો અહંકાર ઉતારવો એ બહુ મુશ્કેલ નથી. ”

રાત્રીનો શ્યામ પડદો પૃથ્વી ઉપર પથરાતો હતો. કુમારી વાશુલદત્તા આરસ પથ્થરના એક રમણીય હોજમાં પદ્મયુગલ સરખાં બે ચરણો પાણીમાં બોળી પાણીની સાથે રમત કરી રહી હતી; સ્ફટિક જેવું સ્વચ્છ જળ રાજકન્યાના સુકોમળ ચરણના સ્પર્શ સુખથી અધિકાધિક ઉછળી રહ્યું હતું. સંધ્યાનો અંધકાર ચંદ્રના ભયથી વૃક્ષ અને ફુલ નીચે સંતાઇ જવાનો પ્રયત્ન કરતો હતો. રાજા પ્રદ્યોતને પોતાની પાસે ઉભેલા જોઈ કુમારી બોલી ઉઠી કે—“ પિતાજી ! જુઓ તો ખરા ! આ જળ કેવી નિર્દોષ ક્રિડા કરી રહ્યું છે ? આ ન્હાનાં પક્ષીઓ કેવો મધુર કલરવ કરી રહ્યાં છે ! આ ચંદ્ર પણ કેવું મંદસ્મિત કરી રહ્યો છે ? આવો સ્વાભાવિક આનંદ રહેવા દઇ તમે મારામારી અને કાપાકાપીમાં કેમ આનંદ માની લેતા હશો ? ”

રાજાએ કિંચિત ગુસ્સાથી જવાબ આપ્યો:—“સાંભળ! વાશુલ! તારા ચાંદને, પક્ષીઓને અને ફુલોને નરકની ઉંડી ખાઇમાં જવા દે! મને તારી એવી છોકરવાદી બીલકુલ ગમતી નથી.”

“ભલે, ન ગમે તો કાંઈ નહીં, પણ એક ગાયન તો સાંભળી લ્યો,” એમ કહેતાંની સાથેજ કુમારીએ એક સ્વર્ગીય સંગીતનો પ્રારંભ કરી દીધો! પુત્રીના આવા લાડ માટે રાજા મનમાં જો કે બહુ ક્રોધે ભરાયો હતો, તોપણ એક નિર્દોષ બાલિકાના સ્નેહનું સંગીત બંધ કરવાની હિંમત કરી શકયો નહીં. “ એક ઘણીજ જરૂરની વાત કહેવા માટે હું અહીં આવ્યો છું” એમ તેને પ્રત્યેક ક્ષણે લાગતું, તોપણ ‘આ કડી પૂરી થાય એટલે બંધ કરવાનું કહું’ એવા વિચારથી શાંત બેસી રહ્યો, એક પછી એક એમ ગાયનની કડીઓ આગળ લંબાવા લાગી, પરંતુ રાજાના મુખમાંથી નિષેધની આજ્ઞા બ્હાર નીકળવા પામી નહીં! રાત્રીનો પ્રભાવ વિસ્તરવા લાગ્યો, ગાયન થોડીવારે બંધ થયું, પરંતુ ગાયનની પ્રબળ અસરે આસપાસના વિશ્વમાં જે મધુર સંગીત ઉત્પન્ન કર્યું હતું તેનો અંત આવ્યો નહીં. ઉપવનના વૃક્ષો અને પુષ્પોમાંથી પણ એ સંગીતનાં પ્રતિધ્વનીઓ આવવા લાગ્યા, સંગીત બંધ થવા છતાં ઘણીવારે રાજા પ્રદ્યોત જાગૃત થયો, પરંતુ તે વખતે કુમારી ત્યાં નહોતી, તે તો ગાયન બંધ કરી ક્યારનીયે ત્યાંથી ચાલી નીકળી હતી! ચાલુ—

# પાપનું—
# પ્રાયશ્ચિત.

( લે. સૌ. બ્હેન અજવાળી લલ્લુભાઈ. )

સવારના આઠ વાગ્યા છે. કન્યાશાળામાં વિદ્યાભ્યાસ કરતી કુસુમાવળી, શિક્ષિકા બ્હેન વેણીગૌરી પાસે ઘરે જવા રજા લે છે. વેલાસર જવાનું કારણ પૂછતા જવાબ મળ્યો કે, " મીક્ષ ટ્રેનનો વખત થવા આવ્યો છે. તેમાં આપણી સ્કુલમાં અભ્યાસ કરતી બ્હેન રંભાને પત્નિ તરીકે સ્વીકારવા દશ બાર મુરતિયા તેને ત્યાં આવવાના છે તેથી ત્યાં જોવા જવું છે. "

"એક સાથે દશ બાર મુરતિયા ? આનું ઉંડુ રહસ્ય શું ?" વેણીગૌરીએ પૂછયું.

"બ્હેન, શું તમે નથી જાણતાં? રંભાના પિતા મથુરદાસનું એક ઘાતકી માણસ જેવું હૃદય છે. તેણે લોભનો સેવક બની પોતાની પુત્રીનું લીલામ તરીકે વેચાણ કરી વધુ માગણી થાય તેને રંભાનો હાથ સોંપવા નિશ્ચય કર્યો છે. ત્યાં જવાથી બધું બરાબર જોવાશે. બ્હેન તમે આવશો તો કેટલુંક નવું જાણવાનું મળશે." કુસુમાવળીએ ખુલાસો કર્યો.

વેણીગૌરીને આ હકીકત સાંભળી બહુ લાગી આવ્યું, અને ઉદ્‌વિગ્ન ચહેરે પૂછયું–"બ્હેન, રંભાનું જાહેર લીલામ" આ બોલતાં તેના નયનો અશ્રુથી ભીંજાઇ ગયાં. આવી ગરીબડી કોમળ પુત્રા પર શું આવો જુલમ ? અરે ! ભારતભૂમિ ! આવા નિર્દય મનુષ્યોને જન્મ આપતા પહેલાં તેનો ઘાત કેમ નથી કરતી ? ત્હને વધારે સંતતિનો શું લોભ લાગ્યો છે ? માતા, માતા ! અઘટિત ઉચ્ચાર થાય તો ક્ષમા કરજે, પરંતુ મ્હારી લાડકવાયી શિષ્યાને આ ઘાતકી ફંદમાંથી બચાવજે.

બન્ને રંભાને ત્યાં આવી પહોંચ્યાં. તપાસ કરતાં મેડી પર નામદાર શેઠીયાઓ કન્યાના દર્શન કરવાને આતુર થઇ બેઠા છે. નીચેના એક રૂમમાં રંભાની બા સાવિત્રી અને મથુરદાસ કંઇ ચર્ચા કરે છે. શું ચર્ચા કરે છે તે સાંભળવાને તે બન્ને બહાર એક બાજુએ છુપી રીતે ઉભાં રહ્યાં.

"નાથ ! તમને કહી કહીને હું થાકી ગઇ છું. એક રંક ગાય જેવી દીકરી તરફ આવું રાક્ષસી વર્તન કેમ આદરી રહ્યા છો ? કસાઇ જાનવરોને મારે છે, પરંતુ તમે તો ફરજંદ પર છુરી ફેરવવા તૈયાર થયા છો ? પૈસા આજ છે અને કાલ નથી. દીકરીના પૈસાથી કદી પણ પૈસાદાર થવાતું નથી. નાથ ! માનો. મ્હારી ગરીબની અરજ

સ્વીકારો અને મ્હારી રંભાને રોળી ન નાંખો." "રાંડ, ત્હારૂં મોત આવ્યું લાગે છે. ત્હને પૈસાની દરકાર નહિ હોય, મ્હારે વહેવાર ચલાવવો પડે એટલે તેની કીંમત હું કરી શકું. તું ચોપડીયો ભણેલી છે, તે વરની સામે બોલવા માટે હશે? જા લુચ્ચી ત્હારૂં ડહાપણ મને નથી જોતું. જે વસ્તુ મ્હારી છે તેનો અમે તે ઉપયોગ કરવા મને સત્તા છે. નાહક પતિ સામે બોલી નર્કમાં જવાનો રસ્તો લે નહિ, અને મ્હારી આજ્ઞા સ્વીકારી રંભાને સારાં વસ્ત્રથી સજ્જ કરી મારી સાથે મેડી ઉપર મોકલ; કે સાટું નક્કી કરી શકાય." "ક્ષમા કરો. એવી અઘટિત આજ્ઞા મ્હારાથી નહિ સ્વીકારાય. કદી તમે સગપણ કરશો, તોપણ મારી લાડકવાયી પુત્રીને યોગ્ય પતિ સિવાય હું પરણાવવાની નથી." સાવિત્રીએ કહ્યું. "ચંડાળ! શું તું મ્હારા પર સત્તા બતાવે છે? હું ત્હારો ધણી છું, તને આવી છુટથી બોલવાનો અધિકાર શું? મેમાનો ઉપર રાહ જોઇ રહ્યા છે, જલદી મારી ઇચ્છાને તાબે થા. એમ કહી હસ્ત-પ્રહાર કર્યો. તુર્તજ સાવિત્રી હૃદયના અને શરીરના બેવડા દુઃખથી મૂર્છા પામી. આ દ્રશ્ય જોયા પછી વેણીગૌરીથી છુપુ રહી ન શકાયું. તુર્તજ પ્રકટ થઇ તે રૂમમાં દાખલ થઇ અને બોલી. 'અરે!! પૈસાને પરમેશ્વર માનનાર ઘાતકી મથુર! ત્હારૂં હૃદય કેટલું ઘાતકી છે? પૈસાના લોભથી ત્હારી સુકોમળ વ્હાલી પુત્રીનો વિક્રય કરવા તૈયાર થયો છે તે વ્યાજબી છે? અરે દુષ્ટ સ્વભાવના શેઠ! તને કોટીશઃ ધિક્કાર છે. આવી સુકોમળ કુસુમકલીને છુંદી નાંખતાં તને કંઇ દયા આવતી નથી? કંપારી છુટતી નથી? ગાત્ર થરથરતાં નથી? મ્હારા કહેવા પર ધ્યાન આપ. ત્હારી કન્યાનું જીવતર બગડશે, લોકમાં હાંસી થશે. તને મોટી ઉમ્મરે કીડા પડશે, અત્યંત દુઃખી થઈ મરણને શરણ થઇશ. અત્યારે ત્હારી બુદ્ધિ પૈસા પાછળ જડ થઇ ગઇ છે. પૈસાનેજ તું શ્રેષ્ટ માની તારો જમાઇ ગુણી હો કે અવગુણી, ડહાપણવાળો હો કે મૂર્ખ હો, સદાચારી હો કે દુરાચારી હો તેનો વિચાર કરતો નથી, ઉમ્મર નિહાળતો નથી, સુંદરતા તપાસતો નથી, જાતિ કે કુળનું અવલોકન કરતો નથી, માત્ર પૈસાનેજ તું નિહાળે છે. ત્હારા કેટલા અધમ વિચાર? રંભા જેવી કુમારિકા તારા ઘરે જન્મી એજ એના દુર્ભાગ્યની વાત છે. ત્હારા જેવા પાપીને ઘેર એ પવિત્ર રત્ન તુલ્ય કુમારીકાનો જન્મ ન હોય?

મથુરદાસ આ સાંભળી એકદમ ક્રોધિત થઈ ગયો અને બોલ્યો. માસ્તરાણી! ઝાઝું ડહાપણ કર માં. ત્હને પારકા ઘરમાં પ્રવેશ કરવાની કોણે પરવાનગી આપી? રંભા તારી પાસે ભણે છે એમ ધારી આગળ પગલાં લેતો નથી. નાહક કંઈ સામી પડેલ આ (સાવિત્રી)ની સ્થિતિમાં આવી પડીશ. "શેઠ માફ કરો, કોલસા હોય તેને સાબુથી ધોતાં પણ કાળા જ રહે છે. મ્હારાં વાકયો પછી યાદ આવશે. સાવિત્રી જેવી સતીનો નિર્દય થઇ અનાદર કર્યો છે પરંતુ યાદ રાખજે કે ભવિષ્યમાં પસ્તાવું પડશે." એમ કહી વેણીગૌરી સાવિત્રીને પંખો નાંખવા લાગી.



વેણીગૌરી સાવિત્રીને પંખો નાંખવા લાગી.

ઉપરથી બુમ પડી, શેઠ અમારે એક બીજાનાં મ્હોઢાં જોઈ બેસી રહેવું ? ક્યાં છે તમારી કન્યા ? જલદી કરો. અવાજ આવતાં જ રંભાને જોરજુલમથી મથુરદાસ મેડી ઉપર તેડી ગયો. રંભાનું રૂપ જોઇ ઉપરાઉપરી બે હજાર, પાંચ હજાર એમ ચડતાં સુરતી સોભાગ્યચંદ નામના ગ્રહસ્થ કે જેની ઉમ્મર ૮૦ વર્ષની થવા આવી હતી તેની ઓફર દશ હજારે થઇ.તેનાથી આગળ હિમ્મત કોઇની ન ચાલતાં તેની સાથે વેવિશાળ કર્યું. મહેમાનો વિદાય થયા અને જમાઇ પણ તુર્ત લગ્ન કરવા ફરમાવી રસ્તે પડયા.



રંભા નિરાશ થઇ એકાંત ઓરડામાં કોચપર પડી અશ્રુ સારતી વિચાર કરવા લાગી.

એક બુઠ્ઠા વર સાથે પોતાનો સંબંધ થયો જાણી રંભા નિરાશ થઈ એકાંત ઓરડામાં કોચ પર પડી અશ્રુ સારતી વિચાર કરવા લાગી. "ઓ વિધાતા, આવી ઘટના કરવામાં ત્હારો શું નિશ્ચય છે ? મને રીબાવી રીબાવી મારી નાંખવા કરતાં હું એકદમ મ્હારા આત્માનો ત્યાગ કરૂં તો કંઇ અડચણ છે ? ઓ પિતા, તું પિતા નહિ પણ સર્પ છો. ત્હેં મારા શરીરને ડંસ માર્યો છે. ઓ નાદાન, શું દીકરીના પૈસાથી જ પૈસાદાર થવાય છે ? હાથમાં શું કંકણુ પહેર્યા છે, કે દીકરીનું માંસ વેચીને જ દ્રવ્ય ઉપાર્જન કરે છે ? શું મ્હારો મીંઢોળ મુડદેજ બંધાવાનો ? અરે, પિતાને આ શું સૂઝયું ? રક્ષક તેજ ભક્ષક થયા ? મધુરા લાડમાં, લાલન પાલનમાં ઉછેરીને ઝેરી ખંઝરથી ખુન કરવા તત્પર થયા? અફસોસ! લક્ષ્મી, ત્હારો પણ શું વાંક કાઢું ? મારૂં ભાવિજ વિચિત્ર દિશામાં પ્રવર્તે છે. આટલું બોલતાં જીભ થોથવાઇ ગઇ, કંઠ રૂંધાઈ ગયો અને આંસુઓ ટપકવા શરૂ થયાં.

'અલ્યા જાદવા કયાં ગયો ? કયારનો બૂમ પાડું છું તેનો જવાબ પણ આપતો નથી.'

'કેમ સૌભાગચંદ કાકા, શું કહો છો. આપનું શયનગૃહ વાળતો હતો એટલે અવાજ સંભળાએલ નહિ. માફ કરશો.'

'જા પહેલા સવા વાળંદને બોલાવ. મ્હારે હજામત કરાવવી છે. કહેજે કે મ્હારી જાન કાલે જવાની છે, માટે સારા અસ્ત્રા અને કાતર લાવે. વળી સુગંધી તેલની સીસી તથા સાબુ પણ લેતો આવજે.' "વારૂ સાહેબ."

જાદવો હજામને તેડી આવ્યો. શેઠ તુર્તજ હજામત કરાવી અરીસામાં ચહેરો જુએ છે, પણ માથાના વાળ સફેદ જોઇ સવાને કહે છે કે આનો કંઇ ઉપાય? "કલપ લગાવવો" સવાની સૂચના ગમી અને તેનો પણ ખર્ચ કરી કૃત્રિમ યુવાની ધારણ કરી. દરમિયાન તેના સ્નેહીનો પુત્ર મણીલાલ આવીને તે બોલ્યો કે, "કાકા! તમે ૧૪ વર્ષની બાળાની જીંદગી બરબાદ કરવા તૈયાર થઇ ગયા છો, બિચારીના કેટલા શ્રાપો તમને લાગશે ? તેની આંતરડી કેટલી બધી દુભાશે ?"

"એલા મણીયા, તું બહુ અંગરેજી ભણીને હુશીયારી બતાવતાં શીખ્યો છે તે જાણ્યું, પણ તું એટલુંબી નથી સમજતો કે મ્હારૂં શરીર વૃદ્ધ થયેલ છે, પણ મ્હારૂં મન યુવાન કરતાં ચંચળ અને વેગવાન છે. અનેક પ્રકારે કાળાં ધોળાં કરી મેળવેલ પૈસામાંથી રૂા. દશહજાર જેટલી મોટી રકમ કન્યાના બાપને આપી તેની દીકરીને ખરીદી લેવી છે! કંઇ મફત લેવી નથી. શું બજારમાંથી પૈસા આપીને માલ લેવો તે વ્યાજબી નથી? હું કંઇ ચોરી કરીને તેની દીકરીને લાવવાનો નથી, સમજ્યો. મણીઆ, હું ત્હારો પૂજવા યોગ્ય-કાકો કહેવાઉં, જા જાનમાં આવવા તૈયાર થઇ રહેજે. તું હમણા તાજેજ

પરણ્યો છો, એટલે તમામ રીત રીવાજોની ખબર હશે, માટે તને અણુવરની પદવી આપવી પડશે.”

આ કથનથી મણીલાલને બહુ ગુસ્સો થયો, અને આવા નાલાયક માણસ સાથે બહુ વાતચીત કરવી દુરસ્ત નહિ ધારતાં તુર્તજ વિદાય થયો.

“અલ્યા જાદવા ? જોયું. મણીઓ બી. એ. થયો પણ મ્હારી સામે કંઇ જવાબ આપી શકયો ? સીધો રસ્તેજ પડી ગયો કે ? મારી કેવી હુશિયારી.” શેઠે આત્મપ્રસંશા કરતાં કહ્યું.

‘જો ચાલાકી ન હોય તો દશ મુરતિયામાં તમનેજ કેમ પસંદ કરે.’ જાદવે કહ્યું.

જુદી જુદી જાતના વાજીંત્ર વાગી રહેલાં છે, કીટસન લાઈટો પૂર્ણ પ્રકાશ આપી રહેલી છે, વરઘોડામાં લગભગ ૨૦૦) માણસો અરસ્પરસ વાર્તાવિનોદ, અને બુઢ્ઢાની મશ્કરી કરતા ચાલ્યા જાય છે. આ વખતે બુઢ્ઢા કાકાનો દેખાવ પણ ધ્યાન ખેંચનારો થઇ પડ્યો છે. તે એક ઘોડા ઉપર બેઠા છે. રેશમી ધોતીયું, લાલ રેશમી પાઘડી, ઉંચી જાતના આલપાકનું અંગરખું અને કપાળપર તીલક એવાં છે કે જાણે બૃહસ્પતિ સાક્ષાત્ પધાર્યા હોય. આ વરઘોડો જોવા આખું ગામ મળ્યું છે. જેની અંદર એક મોટું સ્રી મંડળ પણ ઉભું હતું તેમાંની ગુણવંતી નામની બાઇને સ્ફુરણ આવ્યું અને બોલી—

વાગે છે શું વાઝાંઓ ? ગવાએ શું સુંદર ગીતો ?
બળે કાં તેજ દિવડાઓ ? અરે આ સભ્ય શાનાં છે ?

ઉપરના વાકયોનો જવાબ તેજ સ્રી મંડળમાંથી શારદાએ આપ્યો—

નથી એ વાગતાં વાઝાં, મરણનાં શોક વાદ્યો છે;
નથી એ ગીત વિવાહનાં, અંતરના ધમ–સાણો છે.
નથી એ તેજ દિવાના, અરે એ મૃત્યુના ભડકા;
નથી એ સભ્ય વિવાના, ડાઘું છે શ્મશાનોના.

**ગુણવંતી**—અરે આ લગ્ન મંડપ શા ? અરે આ રમ્ય પડદા શા ?
અરે શાની છે આ ન્યાતો ? ઉડંતા રંગ હાસ્યજ શા ?

**શારદા**—નથી એ લગ્નના સ્થંભો, કસાઇ વધ સ્થંભો છે;
નથી મંડપ એ વિવાના, શિકારી માંચડા દીસે.
ખરે એ રમ્ય પડદા તો, ભુલાવા જાદુના ખેલો;
હીલે પડદા હવામાં ત્યાં, હીલે છે કન્યકા છાતી.
નથી એ લગ્ન મિજબાની, ખરે ન્યાતો મરણની છે;
મળ્યા છે ગીધ માંસા’રી, કન્યાનું લોહી પીવાને.

નથી એ હાસ્ય અંતરના, દીસે છે ઉરના તાપો;
અરે જો પાપની છાયા, રહી છે હાસ્ય ત્યાં કરતી.

આટલો સંવાદ થતાં વરઘોડો માંડવે આવી પહોંચ્યો અને કન્યાદાન દેવું શરૂ થયું એટલે તુર્તજ ગુણવંતી બોલી—

કન્યાનું દાન દેવાયે, કરી સૌભાગ્યનાં ચાંલ્લા ?
વળી સૌભાગ્યનો ચુડો, કન્યાએ આજ પહેર્યો છે ?

**શારદા**—નથી એ દાન કન્યાનું, અરે લીલામ છે તેનું;
નથી સૌભાગ્યનાં ચાંલ્લા, દીસે છે મેશના ટીલાં.
નથી સૌભાગ્યના ચુડા, ઝડેલી જંજીરો ભાસે;
કસી છે કન્યકા તેમાં, ન કો કાળે અરે છુટે.

બુઢ્ઢા કાકાના લગ્ન થયાને છ માસ વીતી ગયા છે, એટલામાં તેને જ્વર લાગુ પડયો. તેની સેવામાં રાત્રિદિવસ રંભા રહે છે. રંભાનું સ્વરૂપ સાક્ષાત્ રંભા–અપ્સરા સમાન હતું, તે રૂપને નિહાળવા અને **'वृद्धस्य भार्या करदीपिकेव'** એ કહેતીને ખરી પાડવા, પોતાની દુષ્ટ વાસનાની પરિતૃપ્તિ માટે અનેક દુષ્ટો–સ્નેહી તરીકેનો દાવો ધરાવી, શેઠની માંદગી પ્રસંગે જોવા આવતા અને રંભાને મર્મભેદક વચનો વડે હેરાન કરતા. આ દુષ્ટોની પ્રપંચજાળથી રંભા નિત્ય સાવધાન રહેતી. દિનપ્રતિદિન બુઢ્ઢાનો રોગ વધતો ગયો, રંભાને માત્ર દેખાવરૂપજ મળેલું સૌભાગ્ય પણ નષ્ટ થવાની આગાહી જણાઇ તથા દુષ્ટો પોતાનું શિયળભંગ કરશે તેમ ધાસ્તી પેઠી. સંધ્યાસમય થયો છે, રંભા પોતાના ઝરૂખે બેઠી છે, ત્યાં અચાનક તેની માતુ સાવિત્રી આવી. ઘણે વખતે રંભા માતાને જોઈ તેને વળગી પડી." અને બોલી:—



"બા! તું આજે અચાનક અહીંયાં કયાંથી?" "બ્હેન તને વિદાય કર્યાં બે માસ થયા ત્યાં તો રૂપિયા બારહજાર ત્હારા પિતાએ સટ્ટામાં ગુમાવ્યા. ઘરમાં ઘરેણું, ઠામ કંઈ પણ રહ્યું નથી. ભીખારી થઇ ગએલ છે. તેમને ત્હારા તરફ ગુજારેલ જુલમ માટે બહુજ પશ્ચાતાપ થાય છે; પોકે પોકે રૂએ છે અને મને તેમના તરફથી ત્હારી પાસે માફી માગવા તેમજ તને પાંચ દિવસ તેડી જવા મોકલી છે." "માતુશ્રી મ્હારા પિતાશ્રીની મતી ઠેકાણે આવેલી જાણી હર્ષ થાય છે. હાલ મ્હારાથી ત્યાં આવી શકાય તેમ નથી. મ્હારા સ્વામિને અત્યારે સખ્ત માંદગી ચાલે છે, તેથી અત્યારે મ્હારો ધર્મ તેમની



રંભાનો અમર આત્મા વૃદ્ધ વિવાહનાં દુઃખથી કંટાળી શાંતિ મેળવવા સફર કરી ચુકયો હતો.

સેવા ચાકરી કરવી તેજ છે. હું માનું છું કે તું પણ આ વાત કબુલ કરશે." "બ્હેન ત્હારા આવા ગુણો જોઇ હું અતિ પ્રસન્ન થાઉં છું. ખરેખર તેં મ્હારી કુખને દિપાવી છે."

બુઢ્ઢાનો સ્વભાવ ચીડીઓ અને ઝેરીલો થઇ ગયો હતો. જરા વાર પણ રંભાને પોતાની પાસેથી ખસવા દેતો નહિ. ઘરની બહાર કોઇ કાળે જાય તો શંકાની નજરે જુએ અને અયોગ્ય વાક્યબાણોથી રંભાના હૃદયને શોકાકુલ બનાવતો. જો કે રંભા પતિ પ્રત્યે શુદ્ધ પ્રેમ રાખતી, પણ બુઢો તેને બાહ્ય આડંબર માની રંભાને પજવતો. આ છેલ્લા અઠવાડીયામાં સોભાગ્યચંદ શેઠની તબીયત તદ્દન સુધરવા આવી છે, શરીરમાં પૂર્વવત્ લોહી પણ આવી ગયું છે. આજે રંભા સાવિત્રી સાથે વાર્તાલાપમાં રોકાવાથી અમુક સમય વીતી ગયા પછી શેઠને પોતાની માતા આવવાની ખબર આપવા અને આજ્ઞા ઉઠાવવા આવી. પરંતુ કંઇ પણ ન પૂછતાં શેઠે લાકડીના બે ચાર પ્રહાર કર્યા. આ દુઃખ તેનાથી સહન ન કરી શકાયું, તેના પતિના મર્મવચને તેને બહુજ દુઃખ દીધું અને તેજ વચને તેને આ ફાની દુનિયાનો ત્યાગ કરવા સૂચવ્યું.

અર્ધ રાત્રિ વીતી ગઇ છે, સર્વ શાંત નિદ્રામાં પડી ગયાં છે, તે વખતે રંભાએ પાસેના નજીકના કુવામાં પડતું મુકયું. આસપાસના લોકો ભેગા થઇ ગયા, હોહોકાર થઇ રહ્યો. શેઠ તથા રંભાની માતા પણ જાગ્યાં, ઘરમાં તપાસતાં રંભા નજરે ન પડવાથી શંકા પડી અને બન્ને કૂવા પાસે આવ્યાં. પોલીસ આવી પહોંચી, રંભાને બહાર કાઢ્યા પછી કંઇ જીવ હોય તેમ જણાયું નહિ. ડોકટરને બોલાવવામાં આવ્યો. ઉપચારો ઘણા કર્યા, પરંતુ રંભાનો અમર આત્મા વૃદ્ધવિવાહના દુઃખથી કંટાળી શાંતિ મેળવવા સફર કરી ચૂકયો હતો. આ વખતે મળેલા તમામ લોકો ડોસાને ફીટકાર આપવા માંડ્યા. આ દૃશ્ય જોઈ ડોસાની બુદ્ધિમાં પણ ઘણો ફેરફાર થઇ ગયો. રંભાના વિયોગથી તેને ઘણોજ આઘાત પહોંચ્યો. અને આ દુઃખદ પરિણામ પોતાની નીચ લાલસા જન્યદોષોનેજ આભારી છે તેમ જણાવતાં, રંભા પાછળ પોતાના દ્રવ્યની સઘળી રકમ ખરચીને વૃદ્ધલગ્ન અટકાવવાની તેણે પ્રતિજ્ઞા કરી અને બોલ્યો કે—"કોમળ પુષ્પની કળીઓ હજુ વિકસિત થઇ ન હોય ત્યાં તેમને અમળાવી નાંખવામાં આવે અને માતા પિતાના ભરૂસે રહેલી અનાથ, નિર્બળ બાળાને પોતાના સ્વાર્થની ખાતર મ્હારા જેવા વૃદ્ધપતિરૂપ કસાઇને સુપ્રત કરવામાં આવે એ કેટલી નિર્દયતા ? મરણ પથારીએ રહ્યા છતાં અબળાનું પાણીગ્રહણ કરવું એ મ્હારી કેટલી તુચ્છતા ? ખરેખર આર્યદેશની પાયમાલીમાં અમારા જેવાંજ પાત્રો મુખ્ય કારણભૂત છે. અમારી જેવા લાલસુ હૃદયમાંથી રાક્ષસી વિચારો દૂર નહિ થાય, ત્યાં સુધી આ દેશની ઉન્નતિ થવી અતિ કઠિન છે.



# ગર્ભ અને પ્રસવકાળ.

( લે. ઝબક બ્હેન વ્રજપાળ કપાસી. સ્ત્રી-શિક્ષક જૈન કન્યાશાળા—અમદાવાદ. )

બ્હેનો ! ધ્યાનમાં રાખજો કે, દરેક આર્યમહિલાઓએ ઘરગતુ સાધારણ વૈદું તો જાણવાની ખાસ અગત્ય છે. કે જેથી પોતાની, યા પોતાના બચ્ચાંની, યા કુટુંબી વર્ગની સાધારણ માંદગી પ્રસંગે તે બહુ ફળદાયક નિવડે છે. માતા એ ગર્ભકાળથી બાળકનો માસ્તર અને ડાક્તર પણ છે, માટે પ્રસવ સમયે ગર્ભ કેટલી મુદતનો થઇને જન્મ્યો, તે જાણવાથી બાળકની તન્દુરસ્તી, તથા આયુષ્યબળનો નિર્ણય થઇ શકે છે. અને નિર્ણય પરથી એમ માલમ પડે કે, બાળક અધુરા દિવસે અવતર્યું છે; તો તેના માટે વિશેષ સંભાળથી તેનું રક્ષણ કરવા માટે ગર્ભાધાનનો દિવસ નક્કી કરવાની જરૂર છે. પણ ઘણીક સ્ત્રીઓને ગર્ભ રહ્યાની ખબર પડતી નથી. ઋતુના દેખાવા અને બંધ પડવા ઉપરથી આ વાતનો નિર્ણય થાય છે. પણ ઘણી વખત ઋતુ ઉપર કાંઇ આધાર રહેતો નથી. વળી ઋતુ આવી ગયા પછી કેટલા દિવસે ગર્ભ રહ્યો તેનો પણ હાલના અનિયમિત આચરણોને લીધે નિર્ણય કરવો કઠણ થઇ પડે છે.

પૂર્વ કાળના લોકો ઋતુગામી એટલે દર માસ ઋતુ આવી ગયા પછી અમુક એક શુભ દિવસે સ્ત્રીને ઋતુદાન દેવાવાળા હતા. અને તે પુરૂષાર્થી પુરૂષો ઇચ્છા પ્રમાણે સંતતિ ઉત્પન્ન કરી શકતા હતા. આવા નિયમિત વ્યવહારમાં ગર્ભધાનનો દિવસ સહેલથી નક્કી થઈ શકતો. પણ હાલ તે માટે કાંઈ નિયમ જ રહ્યો નથી. એવા લંપટ અને વિષયવાસનાના આ સમયમાં ગર્ભાધાનનો દિવસ નક્કી કરવાનું કામ ઘણું કઠણ થઇ પડયું છે. થોડીજ વિચક્ષણ સ્ત્રીઓને ગર્ભ રહ્યાનાં ચિન્હો

અને સાબિતીઓ મળી શકે છે કે આજ મને ગર્ભ રહ્યો. આવી સ્ત્રીઓ સેંકડે પાંચ હોય છે. બાકીની પંચાણું સ્ત્રીઓને ગર્ભ રહ્યા પછી બે ત્રણ માસે ગર્ભનાં ચિન્હો કે કાંઇ ખાસ હેર હોય છે તે થવા માંડે છે. ત્યારે જ તેને સમજ પડે છે કે, મને ગર્ભ રહ્યો છે. પણ ગર્ભ રહ્યાના દિવસથી તે ગર્ભના ચિન્હો અને હેરના લીધે ગર્ભ રહ્યાનું જ્ઞાન થયાના દિવસની વચ્ચે કયે દિવસે ગર્ભ રહ્યો તે વાત કેવળ અંધારામાં જ રહે છે.

ગર્ભ રહ્યાનો દિવસ ગણવાની કેટલીક રીતો ચાલે છે પણ તે બધી અચોક્કસ છે. અને એ ગણત્રીમાં બે ચાર દિવસ નહીં, પણ વખતે પંદર વીશ દહાડાની પણ ભૂલ આવે છે. આ ગણત્રી માટે કેટલીક રીતો એવી છે કે—

(૧) કેટલીક સ્ત્રીઓ ગર્ભ રહ્યાને લીધે પોતાના શરીર તથા મન ઉપર થતાં ચિન્હો કે ફેરફાર ઉપરથી ગર્ભ રહ્યાનું જાણી શકે છે. અને તેનાજ કહેવા ઉપર આધાર રહે છે. આ રીતમાં પણ ચોક્કસ દિવસનો નિર્ણય તો નથી જ થતો.

(૨) બીજી રીત એ બતાવવામાં આવે છે કે, જે દિવસથી દસ્તાન એટલે ઋતુ બંધ પડે તે દિવસથી જ હમેલ રહ્યાનો દિવસ ગણવાની રીત ચાલતી છે. આ ગણત્રીથી પણ અડસટો થાય છે. પણ ચોકસ દિવસ નક્કી થતો નથી. ગર્ભ રહ્યાનો યોગ્ય કાળ ઋતુ આવ્યા પહેલાં એક બે દિવસ અગાઉ અથવા ઋતુ આવી ગયા પછી બે ચાર દિવસો પાછળ હોય છે. આર્યવૈદકશાસ્ત્રનો મત એવો છે કે, ઋતુ આવી ગયા પછીના પહેલા પખવાડીયામાં ગર્ભ રહે છે. ગમે તેમ હો, પણ આ ગણત્રી પ્રમાણે ગર્ભાધાનનો દિવસ ગણવામાં ભૂલ આવે છે.

(૩) ત્રીજી ગણત્રી એવી પણ ચાલે છે કે–પેટમાં છોકરૂં ૪$\frac{1}{2}$ ( સાડા ચાર ) માસે ફરકે છે. માટે પ્રથમ જ્યારે છોકરૂં ફરકે, ત્યારે ગર્ભ ૪॥ સાડા ચાર માસનો થયો એમ સમજવું; પણ છોકરૂં ફરકવાની મુદત સૌને માટે એક સરખી હોવાની વાત પાયા વગરની અને ખોટી છે. માટે તે ગણત્રી પણ ખોટી છે. આ બધી ગણતરીયો શાસ્ત્રીય નથી, પણ સ્ત્રી વર્ગમાં મૂળથી અટકળ મુજબ ચાલતી ગણતરીઓ છે. તેથી તેના ઉપર ભરૂંસો રાખી શકાતો નથી. હું ધારૂં છું કે ગર્ભાધાનનો દિવસ નક્કી કરવાનું આપણી પાસે એક પણ સારૂં સાધન નથી.

ખરૂં તો ગર્ભાધાન રહેનાર સ્ત્રીની સમજણ અને જ્ઞાન ઉપર બધો આધાર છે. પણ હાલ એ સમજણ અને જ્ઞાન ઉપર તો અંધકારનો પડદો વળી ગયો છે. જેથી કેટલીક વખત બહુજ ગુંચવણ ઉભી થાય છે.

પ્રસવકાળ એટલે બાળક અવતરવાનો દિવસ ઠરાવવાની પણ કેટલીક રીતો ચાલે છે. એક વિદ્વાન ડોકટર પ્રસૂતિકાળનો નિર્ણય અનેક રીતે કરી બતાવે છે. તેમાંની એકાદ રીત અત્રે આપીએ છીએ.

[૧] ગર્ભ રહ્યા પહેલાં જે દિવસથી દસ્તાન બંધ થયું હોય તે તારીખમાં ૭ સાત દિવસ મેળવવા અને ત્રણ મહિના પાછલા બાદ ગણવા. દાખલા તરીકે, એક સ્ત્રીનું દસ્તાન તા. ૩ માર્ચના રોજ બંધ થયું હોય તો તેમાં સાત દિવસ મેળવીને ત્રણ મહિના બાદ કરવા, એટલે એ ગણત્રી મુજબ ડીસેંબરની તા. ૧૦ મી આવે. ઘણું કરીને તે દિવસે તે સ્ત્રી બાળકને જન્મ આપશે.

[૨] બીજી રીત—જે દિવસે સ્ત્રીનું દસ્તાન બંધ થયું હોય તે દિવસથી નવ માસ ગણવામાં આવે તો ૨૭૫ દિવસ થાય છે. આ ગણત્રીમાં ફેબ્રુવારી માસ આવ્યો હોય તો ૨૭૩ દિવસ થાય છે. પણ કુલ ૨૭૮ દિવસ થવા જોઈએ. એટલા માટે ઉપર પ્રમાણે નવ મહિના ગણતાં ૨૭૫ દિવસ આવે તો તેમાં ૩ ત્રણ દિવસ ઉમેરવા. અને ૨૭૩ દિવસ આવે તો તેમાં પાંચ દિવસ ઉમેરવા. આ ૨૭૮ દિવસ જે અઠવાડીયામાં કે પખવાડીયામાં આવે તેમાં તે સ્ત્રી પ્રસુતા થાય એવી ગણત્રી છે. પ્રસવકાળની તથા ગર્ભાધાન કાળની આવી ઘણીક ગણતરીઓ ચાલે છે. ઉપરની હકિકત વિચક્ષણ સ્ત્રીઓને ખાસ ધ્યાનમાં લેવાની છે.

## અધુરી મુદતે પ્રસવ.

છ માસની અંદરનો ગર્ભ જીવતો અવતરતો નથી. છ માસ પૂરા થયા પછી સાતમા માસમાં સ્ત્રી પ્રસવ આપે છે તો તે બાળક જીવતું અવતરે છે. પણ થોડા કલાક કે થોડા દિવસો રહીને મરી જાય છે.–સાતમા માસને ગર્ભ આશરે ૧૪ ઇંચ લાંબો હોય છે; અને વજનમાં ૪૦ ઔંસ ( ૧૦૦ રૂપિયાભાર ) હોય છે. ચામડીની નીચેનાં પડમાં ચરબીનો વધારો થઈ બાળકને ફુલાવી દે છે, અને તેમ છતાં ચામડી કરચોળીવાળી, રાતી અને સીબેસ્યસ મેટરથી આચ્છાદિત થયેલી હોય છે. આ સાતમા માસમાં જન્મેલા બાળકની આંખો ઉઘાડી રહે છે. આ માસમાં જન્મેલું બાળક ગતિવાળું હોય છે. પણ બરાબર રોઇ શકતું નથી.

આઠમા માસનો ગર્ભ આશરે ૧૬ ઇંચ લાંબો હોય છે. અને વજન આશરે ૩॥ રતલનું હોય છે. રૂવાડાં દશ્ય થવા માંડે છે; ચામડીનો રંગ વિશેષ કરીને માંસના વર્ણ જેવો થાય છે; નાભી લગભગ શરીરના મધ્યમાં આવે છે, આંગળીઓનાં ટેરવાં ઉપરના નખ બહાર પડતા દેખાતા નથી. માથાના વાળ વધારે જાડા થાય છે. આ આઠમા માસમાં જન્મેલું બાળક ઘણીજ સંભાળથી રક્ષણ કરવામાં આવે, તોજ જીવતું રહી શકે. નવમા માસમાં જન્મેલું બાળક પણ અપકવ રહે છે, ત્યારે દશમા માસમાં જન્મેલ બાળક નિરોગી અને કૌવતવાન્ બને છે.

# અથાણું.

### સૌ. મણીબાઇ કુંડલાકર તરફથી.

અથાણું એ જેમ ખોરાકને રસ પોષવામાં સ્વાદની ગરજ સારે છે તેમ પાચક પણ છે. અથાણામાં આવતી હળદર લોહી સુધારે છે, મીઠું પોષક છે અને તેવા ભિન્ન ભિન્ન ગંધીયાણાના એકત્ર ગુણો તેના નિયમીત સેવનથી લાભપ્રદ નિવડે છે. જગતમાં નીપજતી લગભગ દરેક વનસ્પતિના અંગોમાંથી અથાણાં થઇ શકે છે. પણ તે કેમ બનાવવું તે સ્ત્રીઓની બુદ્ધિ ઉપર આધાર રાખે છે. આ ઉપરથી એટલું તો સ્પષ્ટ જોવાશે કે સુશિક્ષિત સ્ત્રી એ જીવનમાં રસપોષકનું કાર્ય કરનાર રસરાજિકા છે.

## કેરી.



કેરીના અથાણાં ઘણી જાતનાં થાય છે. કાચી સંભારી, પાકી સંભારી, રાયતી, મેથીયા, જીરા, ગોળ કેરી, ગોળસંભારી, સાકરીયાકેરી, વઘારીયા, ખમણ, એવી ઘણી જાતોના કેરીના અથાણાં બને છે. કેરીના મુરબ્બા પણ થાય છે, પરંતુ આ સઘળી વાતોને એકી સાથે સમેટી દેવાનું મુશ્કેલ માની હાલ તો તેવાં એક બે અથાણા માટે જ વિચાર કરીશું.

### કાચી સંભારી કેરી.

કાચું સંભારૂં અથાણું કાચી કેરીનું થાય છે. અને તે નાની ખાખટીથી મોટી જાળી વગરની કેરી મળે ત્યાંસુધી બની શકે છે. આ અથાણું લાંબો વખત ટકી શકતું નથી. જો કે પાકું અથાણું પણ સંભાળની ખામીથી કે સ્વચ્છતાની ખામીને લઇ ખોરૂં થઇ જાય છે. માટે હમેશાં અથાણાંનાં ઠામ ચોખ્ખાં કાચનાં કે સ્વચ્છ માટીનાં રાખવાં, સંભાર તૈયાર કરતાં અને અથાણું ભરતાં હાથ ચોખ્ખા રાખવા, વાસણને મજબુત મોં બાંધી ઓછો અવરજવર હોય ત્યાં મુકવાં અને માથે ભાર મુકવો, તથા હમેશાં ચોખ્ખા હાથથી એક બાજુથી અથાણું કાઢવાને સંભાળ રાખવી.

કાચી સંભારી કેરી માટે તાજી કેરી લાવીને દીંટેથી વળગી રહે તેમ ચાર ચીરી પડે તેવી રીતે કાપી ગોટલી કાઢી નાખી તેમાં નીચે પ્રમાણે તૈયાર કરી રાખેલો કાચો સંભાર ભરવો.

**કાચો સંભાર**—૫ શેર મીઠું શેકીને દળેલું, ૨ાા શેર મેથી શેકીને દળેલી, ૫ ભાર વગારણી, ૧ાા શેર લાલ મરચાં, ૮ રૂા. ભાર હળદર દળેલી, એ સઘળાના બારીક ભૂકાને એક વાસણમાં એકઠા કરી એક શેર ગરમ કરેલું તેલ તેમાં ઉપર રેડી પાકલાક સુધી તેના ઉપર બંધ બેસતું વાસણ ઢાંકી રાખવા પછી તે સર્વને મિશ્ર કરી તે સંભાર કેરીમાં ભરવો.

એ ધ્યાનમાં રાખવું કે સંભાર ભરતાં સુધી ચીરેલ કેરીને પાણીમાંજ ડુબેલી રહેવા દેવી, નહિ તો કાળી થઇ જશે. આ અથાણું તાજુંજ સ્વાદિષ્ટ લાગે છે.

## મેથીયાકેરી.

**ખોખાં**—સહેજ જાળી પડેલી દળદાર મોટી કેરીને પ્રથમ જણાવવા પ્રમાણે ચીરી ને ગોટલી કાઢવા પછી તે ખાલી પડેલી જગામાં સહેજ હળદર મેળવેલ મીઠું કચરીને ભરી કેરીઓ બરણીમાં ભરી રાખવી. એટલે તે કેરીઓમાંથી ખાટું પાણી છુટશે. આ પ્રમાણે ભરેલ કેરીઓ ત્રણ દિવસ રહેવા દઇ પછી બહાર કાઢી ચોખ્ખા પાણીમાં ચાર કલાક ડુબાડી ધોઇને સાફ કરી તે કેરીઓને સ્વચ્છ કપડા ઉપર આડી પાથરી રાખી ત્રણ દિવસ તડકે સુકવવી એટલે તે કેરીનાં ખોખાં કહેવાય છે.

**સંભાર**—૨ાા શેર મેથી ( મેથીને ચોખ્ખી કરી બે કલાક પાણીમાં પલાળી રાખવી, તે પછી બહાર કાઢી સફેત કપડા ઉપર એક કલાક સુકવવી. ત્યારબાદ પાશેર તેલ તે મેથી સાથે નાંખી તવીમાં તળી કાઢી જુદા વાસણમાં રાખી લેવી. ) ૧ શેર ગોળ ( રસદાર પીળો લેવો ) ૧ શેર સફેત મીઠું ( મીઠું દેશી અગરનું હોય તો શેકીને દળી રાખેલ લેવું અને વડાગરૂ હોય તો ૬ કલાક તડકે સુકવી ખાંડીને બારીક કરી વાપરવું. ) ૧ શેર મરચાં ( સુકા ખાંડીને લેવા. ઘોલર મરચાં વધારે સારાં નીવડે છે. ) ૦ાા શેર હળદર ( હળદરને કટકા કરી ખાંડી જીણી દળેલી વાપરવી. ) ૦ા શેર હીંગ ( ખાંડેલી ).

હવે આ તૈયાર થએલા છુટા છુટા મશાલાને એક ત્રાંબાના અથવા પીતળના તાસમાં વચ્ચે જગા રાખી આસપાસ અનુક્રમે ગોળ કુંડાળામાં પાથરવો ને વચ્ચે હીંગ નાખવી. હવે ૨ શેર મીઠું તેલ એક વાસણમાં ખુબ ઉકાળી ફીણ ચડે એટલે ઉતારીને તે તૈયાર કરેલા મશાલામાં વચ્ચે હીંગ ઉપર રેડી દેવું ને તેના ઉપર હવા ન આવે તેમ બીજી થાળી કે ખુમચો ઢાંકી પા કલાક રહેવા દેવા પછી તેને ઉઘાડી હાથથી બધું એકત્ર કરી દેવું. આ સંભાર પ્રથમ તૈયાર કરેલાં કેરીનાં ખોખાંમાં ભરી પાસે રાખેલા બીજા ૨ શેર ગરમ રાખેલા તેલના વાસણમાં બોળીને જીલ્લામાં ગોઠવીને મુકવી. તથા વધેલ તેલ માથે રેડી દઇ તે જીલ્લાને મોં બાંધી ઠાવકો રાખી મુકવો. આ કેરી પંદર દિવસ પછી ઉપયોગમાં લઇ શકાય છે.

## પાકી સંભારી.

મેથી ( સહેજ તેલમાં શેકીને દળેલી ) મીઠું દળેલું, તથા મરચાં એ ત્રણે અઢીશેર લઇ તથા હળદળ શેર ૧ા (દળેલી) તથા હીંગ શેર ૦ાા નાખી ઉકાળેલ પાંચશેર તેલ રેડી તે સર્વે મિશ્ર કરેલ પાકો સંભાર કહેવાય છે. આ કેરી ભરીને બીજા પાંચ શેર તેલના વાસણમાં બોળી બરણીમાં ભરવી અને વધારાનું તેલ તેનાં ઉપર રેડી દેવું.

ઉપર જે મસાલાનું માપ જણાવ્યું તેમાં તીખુ કે ખારૂં વધારે ઓછું ખાનારના શોખ ઉપર વજનમાં ફેરફાર કરવો.

# નિવૃતિના પવિત્ર દિવસોમાં વાંચવા માટે પૂર્વે થઇ ગએલા મહાન્ આચાર્યોનાં રચેલ અપૂર્વ અમૃતમય જ્ઞાનના પુસ્તકો.

**તૈયાર થાય છે. જૈનના અપૂર્વ સર્વોપયોગી જ્યોતિષ ગ્રંથોના ભાષાંતર–આરંભશુદ્ધિ, અને દિનસિદ્ધિ–લગ્નસિદ્ધિ.**

પ્રકરણ રત્નાકર ભાગ ૧ લો. ૫–૮–૦

સમયસાર નાટક. .... .... ૨–૮–૦

પ્રકરણ રત્નાકર ભાગ ૪ થો..... ૭–૦–૦

જૈન કથા રત્નકોષ ભા. ૧ લો–જેની અંદર સીંદુર પ્રકરણ તથા ગૌતમપૃચ્છા મૂલ બાલાવબોધ તથા કથાઓ સહિત આવેલા છે તથા વીતરાગ સ્તોત્ર મૂલ તથા અર્થ સહિત–એ ત્રણે ગ્રંથ સાથે આવશે. બીજી આવૃતી..... .... ૨–૮–૦

જૈન કથા રત્નકોષ ભાગ ૨ જો–જેની અંદર બાવીસમા તીર્થંકર શ્રી નેમનાથ ભગવાનનો રાસ (પદ્યરૂપે ચરિત્ર) કથાઓ સહિત આવેલ છે બીજી આવૃતી. .... ૨–૪–૦

જૈન કથા રત્નકોષ ભાગ ૪ થો–જેની અંદર શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર અથવા વંદિતા સૂત્ર અપર નામ અર્થદીપીકા ગ્રંથ મૂલ તથા બાલાવબોધ કથાઓ યુક્ત. ૩–૦–૦

જૈન કથા રત્નકોષ ભાગ ૬ ઠો–ગૌતમકુલક બાલાવબોધ તથા ૧૨૦ કથાઓ યુક્ત. .... .... .... .... ૨–૮–૦

જૈન કથા રત્નકોષ ભાગ ૭ મો–આ ગ્રંથમાં અત્યુત્તમ ધર્મધુરી મહાપ્રતાપી અને મોક્ષગામી એવા પૃથ્વીચંદ્ર અને ગુણસાગરના જીવોનું એકવીશ ભવોનું અનેક કથાઓ સહિત ચરિત્ર છે. .... ૩–૪–૦

જૈન કથા રત્નકોષ ભાગ ૮ મો–સોલમા તીર્થંકર શ્રી શાન્તિનાથ ભગવાનનો રાસ અનેક ચમત્કારિક કથાયુક્ત. ૩–૦–૦

સુક્તમુક્તાવલી–આ ગ્રંથ જૈન પાઠશાળાઓમાં મનન કરવા લાયક તથા લાયબ્રેરીમાં રાખવા લાયક તેમજ જૈન સમુદાયને મનન કરવા લાયક છે..... ૨–૮–૦

વૈરાગ્ય કલ્પલતા–આ ગ્રંથ એટલો તો રસીક તથા શ્રાવક અને સાધુ સાધ્વીઓને ઉપયોગી છે કે તે અંત સુધી વાંચવા ભલામણ છે. આ ગ્રંથ વાંચવાથી કે મનન કરવાથી જૈન દર્શનનના તત્વનો બોધ થાય છે. .... .... .... ૩–૦–૦

પાંડવ ચરિત્ર ભાષાંતર રંગીન ચીત્રો સાથે. .... .... .... .... ૫–૦–૦

જૈન તત્વાદર્શ હીંદી ભાષાંતર. ૫–૦–૦

જૈન તત્વાદર્શ ગુજરાતી ભાષાંતર. ૪–૦–૦

શત્રુંજય મહાત્મ્ય પ્રથમ ખંડ ભાષાંતર. .... .... .... .... ૨–૪–૦

જૈન કુમાર સંભવ. ... .... ૧-૧૨-૦

વિદ્યાર્થી બન્ધુ કિંવા ચારિત્ર સુધારણા સંબંધી શિક્ષણ. .... .... ૦–૨–૦

મળવાનું ઠેકાણું.

**શ્રાવક ભીમસિંહ માણેક.**

જૈન પુસ્તક વેચનાર તથા પ્રસિદ્ધ કરનાર માંડવી શાકગલી–મુંબઈ.

# કામિનિયા હેર ઓઇલ.

( સંખ્યાબંધ ચાંદ, સર્ટિફીકેટો અને અભીપ્રાયો મળ્યા છે. )

બાલને
સુંદર
સુંવાળા
તેજસ્વી
તથા
કાળા
બનાવે છે.
અને
જલદી
વધારે છે.



મગજને
શાંત
આનંદી
અને
ચાલાક
કરી
દીલને
રાહત
આપે છે.

બાટલીની કિ. રૂ. ૧-૦-૦ વી.પી. ૦-૪-૦  ત્રણ બાટલીના રૂ. ૨-૧૦-૦ પોસ્ટ ૦-૭-૦

લખો— એંગ્લો ઇન્ડીયન ડ્રગ કેમીકલ કું૦ જુમામસજીદ-મુંબઈ.

એજંટ અમીચંદ ડાયાભાઈ અને કું૦ મેડીકલહોલ-ભાવનગર.

---

આ માસિક તંત્રી શેઠ દેવચંદ દામજીએ પોતાના આનંદ પ્રીન્ટિંગ પ્રેસમાં છાપી પોતાની 'શ્રાવિકા માસિક' ની ઓફીસમાંથી પ્રગટ કર્યું.